★
ફુલ
**1300+**
**MCQ**
15 અંક
+ બજેટ 2026-27
100% ઉપયોગી

PRASHNOTARI
PRACTICE. PREPARE. PERFORM.

ગુજરાત સરકારની
તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ
માટે ઉપયોગી
★★★

# ગુજરાત પાક્ષિક

## સંપૂર્ણ સંગ્રહ

**અંક 1 થી 16 + બજેટ 2026-27**



★★★
BEST
CHOICE
તમારી સફળતા
અમારી સંકલ્પ

- ગુજરાત સરકાર યોજનાઓ
- ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ
- ભારત અને વિશ્વ
- ભારતનું બંધારણ, રાજવ્યવસ્થા
- અર્થતંત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજી
- આંતરાષ્ટ્રીય મુદ્દાઓ (Current Affairs)


Telegram : t.me/prashnotari_official

Instagram : @prashnotari.app

# અનુક્રમણિકા INDEX


1 ગુજરાત પાક્ષિક અંક - ૧૬ ..... 1

2 ગુજરાત પાક્ષિક અંક - ૧૫ ..... 8

3 ગુજરાત પાક્ષિક અંક - ૧૪ ..... 19

4 ગુજરાત પાક્ષિક અંક - ૧૩ ..... 26

5 ગુજરાત પાક્ષિક અંક - ૧૨ ..... 34

6 ગુજરાત પાક્ષિક અંક - ૧૧ ..... 43

7 ગુજરાત પાક્ષિક અંક - ૧૦ ..... 51

8 ગુજરાત પાક્ષિક અંક - ૯ ..... 58

9 ગુજરાત પાક્ષિક અંક - ૭ ..... 60

10 ગુજરાત પાક્ષિક અંક - ૬ ..... 66

11 ગુજરાત પાક્ષિક અંક - ૪ ..... 72

12 ગુજરાત પાક્ષિક અંક - ૩ ..... 82

13 ગુજરાત પાક્ષિક અંક - ૨ ..... 93

14 ગુજરાત પાક્ષિક અંક - ૧ ..... 103

15 ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭ ..... 113

# 1 ગુજરાત પાક્ષિક અંક - ૧૯

**1) આદિજાતિ વિકાસના સંદર્ભમાં નીચે આપેલા વિધાનો ચકાસો:**
**1. રાજ્ય સરકાર દ્વારા 5મી પંચવર્ષીય યોજનાની શરૂઆતથી એટલે કે વર્ષ 1976થી ટ્રાઇબલ સબ-પ્લાન યોજના અમલમાં મૂકવામાં આવી છે.**
**2 વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ 2025-26 માટે રૂ. 22026.00 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.**
**3. વનબંધુ કલ્યાણ યોજનામાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે કુલ 10 મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે.**
**ઉપરોક્ત પૈકી કયું/કયા વિધાન સાચાં છે?**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 3

**2) રાજ્ય સરકારની આદિજાતિ પરિવારો માટેની 'અંગ-પ્રત્યારોપણ સહાય યોજના' બાબતે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?**

(A) આ યોજના માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી IKDRC ને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે.
(B) દર્દીને આયુષ્માન ભારત કે મા-કાર્ડ હેઠળ મળતી સહાય બાદ કર્યા પછીનો વધારાનો ખર્ચ આ યોજનામાંથી ચૂકવાય છે.
(C) અંગદાતા માત્ર અનુસૂચિત જનજાતિના જ હોવા ફરજિયાત છે, તો જ સહાય મળવાપાત્ર થશે.
(D) શાળાના બાળકોને 'સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ' હેઠળ મફત સારવાર મળતી હોવાથી તેમને આ યોજનામાં અલગથી આવરી લેવાયા નથી.

**3) ગુજરાતના આદિવાસી સ્વાતંત્ર્ય સંગ્રામ અને શહીદીના બનાવોને તેમના વર્ષ અને નેતૃત્વ સાથે યોગ્ય રીતે જોડો:**

| **જોડકું 1:** | **જોડકું 2:** |
|---|---|
| **1. માનગઢનો સ્વાતંત્ર્ય સંગ્રામ** | **a. વર્ષ 1922, મોતીલાલ તેજાવત** |
| **2. એકી આંદોલન (પાલ-ચિતરિયા)** | **b. વર્ષ 1857-1859, રૂપસિંહ નાયક** |
| **3. મધ્ય ગુજરાતનો આદિવાસી સંગ્રામ** | **c. વર્ષ 1913, ગોવિંદગુરુ** |

(A) 1-c, 2-a, 3-b (B) 1-a, 2-b, 3-c (C) 1-b, 2-a, 3-c (D) 1-c, 2-b, 3-a

**4) તાજેતરમાં સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સના સમાપન પ્રસંગે વર્ષ 2030ની યજમાની માટે ગુજરાતને કોમનવેલ્થનો ધ્વજ સોંપાયો. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના પ્રદર્શન અંગે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

(A) ભારતે 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સાથે કુલ 39 મેડલ મેળવીને ત્રીજું સ્થાન મેળવ્યું.
(B) ભારતે 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ સાથે કુલ 39 મેડલ મેળવીને ચોથું સ્થાન મેળવ્યું.
(C) ભારતે 15 ગોલ્ડ, 15 સિલ્વર અને 9 બ્રોન્ઝ સાથે કુલ 39 મેડલ મેળવીને ચોથું સ્થાન મેળવ્યું.
(D) ભારતે 17 ગોલ્ડ, 13 સિલ્વર અને 9 બ્રોન્ઝ સાથે કુલ 39 મેડલ મેળવીને પાંચમું સ્થાન મેળવ્યું.

**5) 'ઊંઝાની વરિયાળી' ને તાજેતરમાં જુલાઈ 2026માં GI ટેગ એનાયત કરવામાં આવ્યો છે. આ વરિયાળીમાં રહેલા રાસાયણિક તત્ત્વો અને તેની અસર અંગે Assertion (A) અને Reason (R) ચકાસો:**
**Assertion (A): ઊંઝાની વરિયાળીનો સ્વાદ જેઠીમધ (Liquorice) જેવો મીઠો અને ઠંડક આપનારો હોય છે.**
**Reason (R): તેમાં 'ફેન્ચોન' (Fenchone) તત્ત્વ વધુ માત્રામાં હોય છે જે તેને મીઠાશ પ્રદાન કરે છે, જ્યારે 'એનેથોલ' (Anethole) તીખી સુગંધ આપે છે.**

(A) A અને R બંને સાચાં છે અને R એ A ની સાચી સમજૂતી છે.
(B) A અને R બંને સાચાં છે, પરંતુ R એ A ની સાચી સમજૂતી નથી.
(C) A સાચું છે, પરંતુ R ખોટું છે.
(D) A ખોટું છે, પરંતુ R સાચું છે.

**6) વિશ્વ સિંહ દિવસની ઉજવણી અને સિંહ સંરક્ષણ અંગે નીચેના વિધાનો ધ્યાનમાં લો:**
**1. સિંહોનો વિચરણ વિસ્તાર છેલ્લા અઢી દાયકામાં 3 જિલ્લાથી વધીને 11 જિલ્લાઓ સુધી વિસ્તર્યો છે.**
**2. 143 વર્ષ બાદ બરડા ડુંગર વિસ્તારમાં સિંહોનો પુનઃવસવાટ શરૂ થયો છે અને હાલ ત્યાં 26 સિંહો વસવાટ કરી રહ્યા છે.**
**3. વર્ષ 2026ના વિશ્વ સિંહ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સાસણ ગીર ખાતે કરવામાં આવી હતી.**
**આપેલા વિધાનોમાંથી કયું/કયા સાચાં છે?**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1

**7) બનાસકાંઠાના ડીસા ખાતે બની રહેલા એશિયાના પ્રથમ 'ડેઝર્ટ થીમ ઝૂઓલોજિકલ પાર્ક' વિશે નીચેનામાંથી કયો વિકલ્પ અયોગ્ય છે?**

(A) આ પ્રોજેક્ટ આશરે 103 હેક્ટર વિસ્તારમાં બનાવવામાં આવશે અને તેનો અંદાજિત ખર્ચ રૂ. 542.14 કરોડ છે.
(B) આ વિશ્વનું બીજું ડેઝર્ટ-થીમ ઝૂ હશે અને વિશ્વનું ત્રીજું નાઈટ સફારી ઝૂ બનશે.
(C) તેમાં આશરે 83 પ્રજાતિઓના અંદાજે 2700 દેશી અને વિદેશી પ્રાણી-પક્ષીઓ રાખવામાં આવશે.
(D) આ પ્રોજેક્ટને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (CZA) તરફથી મંજૂરી મળી ગઈ છે.

**8) 16મા ઈન્ડિયન નેશનલ ઓર્ગન ડોનેશન ડે સમારોહમાં ગુજરાતને મળેલા રાષ્ટ્રીય એવોર્ડ્સની જોડીઓમાંથી કઈ જોડ સાચી રીતે જોડાયેલી નથી?**

(A) Excellence in Leading Government Hospital in Organ Transplantation - IKDRC, અમદાવાદ
(B) Best Non-Transplant Organ Retrieval Centre (NTORC) - અમદાવાદ સિવિલ હોસ્પિટલ
(C) Best Brain Stem Death Team - નવી સિવિલ હોસ્પિટલ, સુરત
(D) Best State Organ and Tissue Transplant Organisation (SOTTO) - ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ

**9) તાલુકા કક્ષાએ વહીવટી સુધારણા માટે તાજેતરમાં રચાયેલી 'યુનિફાઇડ તાલુકા પ્લાનિંગ કમિટી' (UTPC) વિશે નીચેના વિધાનો ચકાસો:**
**1. આ કમિટી ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC) ના ચતુર્થ અહેવાલની ભલામણોને આધારે રચવામાં આવી છે.**
**2. આ સમિતિએ ATVT તાલુકા કાર્યવાહક આયોજન સમિતિઓનું સ્થાન લીધું છે.**
**3. આ કમિટીમાં કુલ 21 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.**
**સાચો વિકલ્પ પસંદ કરો:**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1

**10) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 ના અમલીકરણ ભાગરૂપે ડિજિટલ 'હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ' (HPC) લાગુ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ સંદર્ભે કયું વિધાન સાચું નથી?**

(A) આ નવીન પહેલને NCERT-PARAKH દ્વારા બિરદાવવામાં આવી છે.
(B) શૈક્ષણિક વર્ષ 2026-27 થી રાજ્યના દરેક જિલ્લામાં તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓમાં તેને ફરજિયાત લાગુ કરવામાં આવશે.
(C) વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના મૂલ્યાંકનમાં વિદ્યાર્થી, શિક્ષક, વાલી અને સહાધ્યાયીનું પણ યોગદાન રહેશે.
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે SSA ના સહયોગથી તેનું ઓનલાઇન મોડ્યુલ તૈયાર કર્યું છે.

**11) ગુજરાત યુનિવર્સિટીને મળેલ Category-II Graded Autonomy દરજ્જાના કારણે નીચેનામાંથી કયો અધિકાર યુનિવર્સિટીને પ્રાપ્ત થયો નથી?**

(A) UGC ની પૂર્વમંજૂરી વિના નવા અભ્યાસક્રમો અને વિભાગો શરૂ કરવાની સ્વાયત્તતા.
(B) સ્થાનિક વિદ્યાર્થી-ક્ષમતા ઉપરાંત 20 ટકા સુધી વિદેશી વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવાની સત્તા.
(C) યુનિવર્સિટી અધ્યાપકોની મંજૂર થયેલી સંખ્યા ઉપરાંત 50 ટકા સુધી લાયક વિદેશી અધ્યાપકોની કરાર આધારિત નિમણૂક.
(D) નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) મુજબ ઉદ્યોગસંલગ્ન નવા ડિપ્લોમા કોર્સ શરૂ કરવાની સત્તા.

**12) સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા આયોજિત 'સેવાસેતુ 2.1' કાર્યક્રમની સમયરેખા અને તબક્કાઓને ધ્યાનમાં રાખીને નીચેના વિધાનો ચકાસો:**
**1. ગ્રામ્ય વિસ્તારોમાં પ્રથમ તબક્કો 1 સપ્ટેમ્બરથી 19 સપ્ટેમ્બર, 2026 દરમિયાન યોજાશે.**
**2. ગ્રામ્ય વિસ્તારોમાં બીજો તબક્કો 21 સપ્ટેમ્બરથી 9 ઓક્ટોબર દરમિયાન ગામોના ક્લસ્ટર સ્તરે યોજાશે.**
**3. શહેરી વિસ્તારોમાં સેવાસેતુનો 12મો તબક્કો 21 સપ્ટેમ્બરથી 9 ઓક્ટોબર દરમિયાન યોજાશે.**
**નીચેનામાંથી કયો વિકલ્પ યોગ્ય છે?**

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1

**13) નળસરોવર પક્ષી અભયારણ્યમાં શરૂ કરાયેલા 'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ' સંદર્ભે કયું વિધાન ખોટું છે?**

(A) આ પ્રોજેક્ટ જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી (JICA) દ્વારા સમર્થિત છે.
(B) અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકાના કાયલા ગામે 'પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન સેન્ટર' સ્થાપિત કરવામાં આવ્યું છે.
(C) આ પ્રોજેક્ટ માટે 'પ્રોજેક્ટ ફોર ઈકો-રિસ્ટોરેશન ઇન ગુજરાત' (PERG) હેઠળ રૂ. 5.94 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.
(D) આ પ્રોજેક્ટ અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાના નળસરોવર આસપાસના ગામોને આવરી લેશે.

**14) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા ઔદ્યોગિક એકમોની સુવિધા માટે લેવાયેલા વહીવટી નિર્ણય અનુસાર, બોટાદ જિલ્લાના તમામ ઔદ્યોગિક અને હેલ્થકેર એકમોને કઈ પ્રાદેશિક કચેરી હેઠળ આવરી લેવાયા છે?**

(A) અમદાવાદ (ગ્રામ્ય) પ્રાદેશિક કચેરી
(B) સુરેન્દ્રનગર પ્રાદેશિક કચેરી
(C) રાજકોટ પ્રાદેશિક કચેરી
(D) ભાવનગર પ્રાદેશિક કચેરી

**15) આદિજાતિ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કાર્યરત 'આદર્શ નિવાસી શાળાઓ' બાબતે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

(A) રાજ્યમાં કુલ 76 આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે જ્યાં ધોરણ 1 થી 12 સુધીનું સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ અપાય છે.
(B) રાજ્યમાં ધોરણ-10 નું સરેરાશ પરિણામ 84 ટકા હતું, ત્યારે આ શાળાઓનું પરિણામ 97 ટકા રહ્યું હતું.
(C) વર્ષ 2026-27 માં આ શાળાઓ માટે રૂ. 394.85 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
(D) આ શાળાઓમાં માત્ર આદિવાસી કન્યાઓને જ પ્રવેશ આપવામાં આવે છે.

**16) ગિફ્ટ સિટી સંદર્ભે તાજેતરમાં યોજાયેલા કાર્યક્રમ અને બજેટની જોગવાઈઓ અંગે કયું વિધાન અયોગ્ય છે?**

(A) ગિફ્ટ સિટીમાં HSBC અને NDTV ના સંયુક્ત ઉપક્રમે "ગ્લોબલ કનેક્ટ" ગિફ્ટ સિટી એડિશનનો પ્રારંભ થયો.
(B) ગિફ્ટ સિટીમાં આવનારા ઉદ્યોગો માટે કેન્દ્રીય બજેટમાં 25 વર્ષનો ટેક્સ હોલિડે જાહેર કરાયો છે.
(C) ગિફ્ટ સિટી ખાતે 'AI સેન્ટર ઓફ એક્સેલન્સ' શરૂ કરવામાં આવ્યું છે.
(D) રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં કુલ 39% જેટલી રકમ કેપિટલ એક્સપેન્ડિચર માટે ફાળવી છે.

**17) સખીમંડળો માટે શરૂ કરાયેલી 'માર્કેટિંગ સપોર્ટ યોજના' ની નાણાકીય સહાય બાબતે યોગ્ય જોડકાં જોડો:**

| | |
|---|---|
| **1. GST નોંધણી માટે સહાય** | **a. રૂ. 2 હજાર સુધી** |
| **2. FSSAI લાઇસન્સ માટે સહાય** | **b. રૂ. 10 હજાર સુધી** |
| **3. PAN કાર્ડ રજિસ્ટ્રેશન માટે સહાય** | **c. રૂ. 15 હજાર સુધી** |

(A) 1-c, 2-b, 3-a
(B) 1-b, 2-c, 3-a
(C) 1-c, 2-a, 3-b
(D) 1-a, 2-b, 3-c

**18) આદિવાસી મહિલાઓના પરંપરાગત આભૂષણો અને શરીરના અંગોને આધારે ખોટી જોડ પસંદ કરો:**

(A) કરલાં અને તોરાં - પગનાં આભૂષણો
(B) અગોઠિયા - પગની આંગળીની વીંટીઓ
(C) ડોના અને ઝૂમરાં - ગળાનાં આભૂષણો
(D) દામણી અને બોરિયું - માથાનાં આભૂષણો

**19) રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને અપાયેલી સહાય સંદર્ભે કયા આંકડાકીય તથ્યો સાચાં છે?**

**1. નમો લક્ષ્મી યોજના અંતર્ગત 4 લાખથી વધુ વિદ્યાર્થિનીઓને કુલ રૂ. 513 કરોડથી વધુની ચૂકવણી કરવામાં આવી.**
**2. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત 57 હજારથી વધુ વિદ્યાર્થીઓને રૂ. 28 કરોડથી વધુની રકમ આપવામાં આવી.**
**3. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાઓના કારણે ધોરણ 9 થી 12 ની દીકરીઓની હાજરીમાં 125 ટકાનો વધારો નોંધાયો છે.**

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1

**20) 'શક્તિદૂત 2.0' યોજના વિશે નીચેના વિધાનો ચકાસો:**

**1. અગાઉ 64 ખેલાડીઓને મળતો લાભ હવે 1000 ખેલાડીઓ સુધી વિસ્તૃત કરાયો છે.**
**2. આ યોજના હેઠળ પ્રતિ ખેલાડી વાર્ષિક રૂ. 50 લાખ સુધીની તાલીમ સહાય આપવામાં આવશે.**
**3. શક્તિદૂત 2.0 અંતર્ગત દિવ્યાંગ રમતવીરો માટે 50 બેઠકોની ખાસ અનામત રાખવામાં આવી છે.**
**સાચો વિકલ્પ પસંદ કરો:**

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 3

**21) 'ગુજરાત ઔદ્યોગિક નીતિ-2015' અંતર્ગત 'ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજના દ્વારા રાજ્યમાં થયેલા રોકાણ અને રોજગારી બાબતે કયું તથ્ય સાચું છે?**

(A) રૂ. 1,48,336.35 કરોડનું રોકાણ અને 1,65,053 પ્રત્યક્ષ રોજગારી
(B) રૂ. 2,48,336.35 કરોડનું રોકાણ અને 2,65,053 પ્રત્યક્ષ રોજગારી
(C) રૂ. 1,97,704.00 કરોડનું રોકાણ અને 4,739 પ્રત્યક્ષ રોજગારી
(D) રૂ. 1,65,053.00 કરોડનું રોકાણ અને 1,48,336 પ્રત્યક્ષ રોજગારી

**22) ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (GNFSU) વિશે નીચેના વિધાનો તપાસો:**
**1. આ યુનિવર્સિટી પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં કુલ 23 હેક્ટરમાં આકાર પામી છે.**
**2. તે ભારત અને વિશ્વની આ પ્રકારની પ્રથમ યુનિવર્સિટી છે, જેની સ્થાપના 2017 માં થઈ હતી.**
**3. યુનિવર્સિટી હસ્તક ત્રણ કોલેજો છે, જેમાં હાલોલ, અમરેલી અને દાંતીવાડાનો સમાવેશ થાય છે.**
**કયું/કયા વિધાન અસત્ય છે?**

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) માત્ર 1 અને 2

**23) 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન' (PM-JANMAN) હેઠળ ગુજરાતમાં થયેલી કામગીરી અંગે નીચેનામાંથી કયો આંકડો ખોટો છે?**

(A) 9,308 પાકા આવાસ (B) 6,630 ઘરોમાં વીજળીકરણ
(C) 21 વનધન વિકાસ કેન્દ્રો (D) 42 મોબાઈલ મેડિકલ યુનિટ

**24) 'વડનગર હેરિટેજ ઓટો પ્રોજેક્ટ' સંદર્ભે કયું વિધાન સાચું છે?**

(A) આ પ્રોજેક્ટ 'GNFC' દ્વારા તેના CSR ફંડમાંથી ચલાવવામાં આવી રહ્યો છે.
(B) એક ઓટોરિક્ષાના રિટ્રોફિટમેન્ટ પાછળ રૂ. 50 હજારથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.
(C) આ યોજનાના પ્રથમ તબક્કામાં 51 રિક્ષાચાલકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી.
(D) પ્રવાસીઓને આકર્ષવા માટે આ પ્રોજેક્ટમાં માત્ર ઇલેક્ટ્રિક રિક્ષાઓને જ સામેલ કરવામાં આવી છે.

**25) રાજ્યમાં પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયા અંગે તાજેતરમાં લેવાયેલા નિર્ણય મુજબ કઈ બાબત સાચી છે?**

(A) અરજદારે ફરજિયાતપણે પોલીસ સ્ટેશનમાં હાજર રહી સહી કરવાની રહેશે.
(B) પોલીસે પાસપોર્ટ અરજદારોના સરનામાંની અલગથી ચકાસણી કરવાની રહે છે.
(C) અપવાદરૂપ કિસ્સામાં પોલીસે રહેઠાણસ્થળની મુલાકાત લેવાની રહેશે, પરંતુ અરજદારને પોલીસસ્ટેશન બોલાવવાની જરૂર નથી.
(D) પોલીસ વેરિફિકેશન દરમિયાન નાગરિકતા, ગુનાહિત પૂર્વ-ઇતિહાસ અને આર્થિક સ્થિતિની ચકાસણી ફરજિયાત છે.

**26) મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાને ઝડપી બનાવવા લીધેલા નિર્ણય અનુસાર, કઈ સત્તા સીધી સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીઓને સોંપવામાં આવી છે?**

(A) વર્ગ-1 અને વર્ગ-2 ના અધિકારીઓની આંતર-જિલ્લા બદલીની સત્તા.
(B) ખાતાંના વડાઓની કચેરીઓમાં કાર્યરત વર્ગ-3 ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલીની સત્તા.
(C) મામલતદાર અને નાયબ મામલતદારની રાજ્યવ્યાપી બદલીની સત્તા.
(D) જિલ્લા પંચાયતના કર્મચારીઓની બદલીની સત્તા.

**27) 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-2026' બાબતે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?**

(A) આ ફેસ્ટિવલ 29 ઓગસ્ટ 2026 સુધી ચાલશે.
(B) સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલની શરૂઆત વર્ષ 2009 માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ થઈ હતી.
(C) વર્ષ 2025 ના સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન અંદાજે 5.61 લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.
(D) ફેસ્ટિવલ દરમિયાન 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' થીમ આધારિત પરેડનું આયોજન કરાયું છે.

**28) 15 ઓગસ્ટ 2026 ના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે રાજ્ય સરકારે ફાળવેલી વિકાસ ગ્રાન્ટ સંદર્ભે સાચી માહિતી પસંદ કરો:**

(A) રાજ્યકક્ષાની ઉજવણી અમરેલી જિલ્લામાં થવાની હોવાથી ત્યાં રૂ. 10 કરોડ ફાળવવામાં આવ્યા છે.
(B) બાકીના 33 જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની ઉજવણી માટે કુલ રૂ. 15.25 કરોડની ફાળવણી કરાઈ છે.
(C) અમરેલી જિલ્લામાં નગરપાલિકાઓ માટે રૂ. 7 કરોડ અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. 3 કરોડ ફાળવવામાં આવ્યા છે.
(D) સમગ્ર રાજ્ય માટે વિકાસકામો અર્થે કુલ રૂ. 50 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

**29) સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે 96માં સફળ અંગદાનમાં 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનનો ઉપયોગ કરાયો હતો. આ ઘટના સંદર્ભે કયું વિધાન ખોટું છે?**

(A) સ્વ. મિથુન સ્વૈન નામના 36 વર્ષીય ઓડિશાના વતનીનું બ્રેઈનડેડ થતા અંગદાન કરાયું.
(B) ગ્રીન કોરિડોર પ્રોટોકોલ થકી માત્ર 217 મિનિટમાં હૃદય સુરતથી અમદાવાદ પહોંચાડાયું.
(C) હૃદયને અમદાવાદની IKDRC હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટે લઈ જવામાં આવ્યું.
(D) બે કિડની અને લીવર અમદાવાદની IKDRC હોસ્પિટલ મોકલવામાં આવ્યા.

**30) 'MP LEAD ફેલોશિપ' પહેલનો મુખ્ય હેતુ શું છે?**
(A) દેશના ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિઓની તાલીમ આપવી.
(B) પ્રતિભાશાળી યુવાનોને સંસદીય પ્રક્રિયાઓ, વહીવટી કાર્યપ્રણાલી અને જાહેર નીતિ-ઘડતરની વ્યવહારિક સમજ આપવી.
(C) મહિલા સશક્તીકરણ માટે ગ્રામીણ કક્ષાએ નેતૃત્વ પૂરું પાડવું.
(D) સાંસદોને સ્થાનિક વિકાસના કાર્યો માટે વિશેષ ફંડ પૂરું પાડવું.

**31) આદિવાસી સમાજના રહેઠાણ 'ખોલરું' અને ઘરવાસોની વિધિ બાબતે કયું વિધાન સાચું નથી?**
(A) આદિવાસી ગામ સાત-આઠ કિલોમીટરમાં પથરાયેલું હોય છે, જેને તેઓ ફળો, પાડો કે ગોમ કહે છે.
(B) ઘર બાંધવા માટે સાદડ, શિરીષ, વાંસ અને ખજૂર જેવા સ્થાનિક લાકડાંનો ઉપયોગ થાય છે.
(C) 'કરવાસો' (ઘરવાસો) ની વિધિ માટે તેઓ માત્ર શુક્રવાર કે ગુરુવાર સવિશેષ પસંદ કરે છે.
(D) ઘરના આગળના ભાગમાં ઊંચે બાંધેલા ટોપલા (પાના) માં કૂકડાં રહે છે.

**32) આદિવાસી પહેરવેશ અંગેના નીચેના વિધાનોમાંથી કયું વિધાન સાચું છે?**
(A) આદિવાસી સ્ત્રીઓ ગળાથી કમર સુધી પીળા રંગની 'ઝૂલડી' પહેરે છે.
(B) પુરુષો ગળાથી કમર સુધી ટૂંકી બાંયની સફેદ કે ખાખી રંગની 'ઝૂલરી' પહેરતા હતા.
(C) સ્ત્રીઓ હોળીના તહેવારે અચૂક આઠ હાથનો 'સારણો' સિવડાવે છે.
(D) આદિવાસી યુવાનો લગ્ન પ્રસંગે કાનમાં ચાંદીના 'ગંઠોડા' પહેરે છે.

**33) ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (GNFSU) ના સંશોધન અને તાલીમ પ્રોજેક્ટ્સ સંદર્ભે કયું વિધાન યોગ્ય છે?**
(A) યુનિવર્સિટી પાસે 15 હેક્ટરમાં સંશોધન ફાર્મ છે, જ્યાં 'પંચસ્તરીય' અને 'લક્ષ્યાધિપતિ' જેવા ખેતી-મોડલ્સ ઊભા કરવામાં આવ્યા છે.
(B) GNFSU દ્વારા 18,000 ગામડાઓમાંથી 25,000 કૃષિ સખીઓને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ રહી છે.
(C) યુનિવર્સિટીમાં ડીપ્લોમા ઇન ઓર્ગેનિક ફાર્મિંગનો 4 વર્ષનો કોર્સ ચાલે છે.
(D) યુનિવર્સિટીની સ્થાપના 'ગુજરાત ઓર્ગેનિક ફાર્મિંગ પોલિસી-2020' અંતર્ગત કરવામાં આવી છે.

**34) ગાંધીનગરના સ્થાપનાદિનની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમોની કઈ બાબત અસત્ય છે?**
(A) કોબા તળાવ પરિસર ખાતે વૃક્ષારોપણ અને રિચાર્જ-વેલની મુલાકાત લેવાઈ.
(B) 'શ્રેષ્ઠ સફાઈ કર્મચારી' તરીકે પસંદગી પામેલા પ્રત્યેક કર્મચારીને રૂ. 15 હજારનો પુરસ્કાર અપાયો.
(C) પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત આઠ લાભાર્થીઓને કુલ રૂ. 2.55 લાખની લોન-સહાયનું વિતરણ કરાયું.
(D) મુખ્યમંત્રીશ્રી દ્વારા ક્ષયરોગના દર્દીઓને પોષણ-કિટ આપવામાં આવી.

**35) નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી રાજ્યકક્ષાની એમ્પાવર્ડ કમિટીની બેઠકમાં 'ટેક્સટાઈલ વેલ્યુ ચેઈન સહાય યોજના-2019' હેઠળ લીધેલા નિર્ણય વિશે કયું વિધાન સાચું છે?**
(A) 5 ટેક્સટાઇલ એકમો માટે સહાય મંજૂર કરાઈ જે રૂ. 250 કરોડનું રોકાણ લાવશે.
(B) 3 ટેક્સટાઇલ એકમો માટે સહાય મંજૂર કરાઈ જે રૂ. 165 કરોડનું રોકાણ લાવશે અને અંદાજે 500 પ્રત્યક્ષ રોજગારી સર્જશે.
(C) આ એકમોને આગામી 10 વર્ષમાં રૂ. 100 કરોડથી વધુની સહાય મળશે.
(D) 4 ઈન્ડસ્ટ્રિયલ પાર્ક પ્રોજેક્ટ્સને રૂ. 371.70 કરોડના ટેક્સટાઇલ રોકાણ માટે મંજૂરી અપાઈ.

**36) ગાંધીનગરના લોકભવન ખાતે યોજાયેલ 'ભારત એઆઈ પંચાયત મિશન' ની પ્રથમ રાષ્ટ્રીય કાર્યશાળા કોના દ્વારા આયોજિત કરવામાં આવી હતી?**
(A) ગુજરાત પંચાયત પરિષદ
(B) ઘર આઈ નન્હી પરી ફાઉન્ડેશન
(C) નીતિ આયોગ અને ગુજરાત સરકાર
(D) ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર

**37) ગુજરાત રાજ્ય બીજનિગમ દ્વારા 2024-25 ના વર્ષના ડિવિડન્ડ પેટે કેટલા રૂપિયાનો ચેક મુખ્યમંત્રીને અર્પણ કરવામાં આવ્યો?**
(A) રૂ. 4.33 કરોડ
(B) રૂ. 6.33 કરોડ
(C) રૂ. 8.33 કરોડ
(D) રૂ. 42.82 કરોડ

**38) રાજ્ય સરકારે કયા વર્ષને 'પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે, જેના ભાગરૂપે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ટ્રાવેલ એન્ડ ટ્રેડ ફેર' યોજાયો?**
(A) વર્ષ 2025
(B) વર્ષ 2026
(C) વર્ષ 2027
(D) વર્ષ 2030

**39) સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોના વહીવટી અને સેવાકીય પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષણ વિભાગ દ્વારા કયું નવું ડિજિટલ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે?**
(A) શિક્ષક સહાય પોર્ટલ
(B) વિદ્યા સમીક્ષા પોર્ટલ
(C) સેવા સમાધાન પોર્ટલ
(D) શિક્ષક કલ્યાણ પોર્ટલ

**40) ગુજરાત વિધાનસભાની માંજલપુર બેઠકની તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં વિજેતા બનેલા કયા નવનિર્વાચિત ધારાસભ્યએ શપથ ગ્રહણ કર્યા?**

(A) શ્રી કમલેશ પટેલ
(B) શ્રી સતીષભાઈ પટેલ
(C) શ્રી બાલકૃષ્ણ શુક્લ
(D) શ્રી શંકરભાઈ ચૌધરી

**41) અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે નવનિર્મિત 'National Emergency Life Support (NELS) Skill Lab' દેશભરમાં પ્રસ્થાપિત કુલ કેટલી સ્કિલ લેબ પૈકીની એક છે?**

(A) 50
(B) 100
(C) 120
(D) 150

**42) શ્રી પૂજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા કયા પ્રોજેક્ટ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને ગુરુકુળ પરંપરા મુજબ વૈદિક વિધિથી શિક્ષણની દીક્ષા આપવામાં આવી?**

(A) બાળ સ્વપ્નરથ પ્રોજેક્ટ
(B) જ્ઞાન પ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ
(C) વિદ્યા દીક્ષા પ્રોજેક્ટ
(D) સરસ્વતી સાધના પ્રોજેક્ટ

**43) સાયબર અપરાધીઓ સામે સમયસર પગલાં લેવા માટે ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે કેટલી બેન્ક-શાખાઓના અધિકારીઓ વીડિયો-કોન્ફરન્સથી જોડાયા હતા?**

(A) 3,500 થી વધુ
(B) 4,200 થી વધુ
(C) 5,300 થી વધુ
(D) 6,000 થી વધુ

**44) સંત-શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની કલાશયાત્રા કયા બે શહેરો વચ્ચે યોજાઈ હતી?**

(A) મથુરા થી ગાંધીનગર
(B) કાશી થી કર્ણાવતી
(C) અયોધ્યા થી અમદાવાદ
(D) કાશી થી સોમનાથ

**45) અમદાવાદ ખાતે 'નારીવંદન સપ્તાહ-2026' અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસે યોજાયેલા રોજગાર ભરતીમેળામાં કેટલી મહિલાઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી?**

(A) 105
(B) 133
(C) 215
(D) 325

**46) દાહોદ જિલ્લાના વનવિભાગના કર્મચારીઓને જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ માટે ફાળવવામાં આવેલી બાઈકનું પ્રસ્થાન કોના હસ્તે કરાવવામાં આવ્યું?**

(A) શ્રી મૂળુભાઈ બેરા
(B) શ્રી પ્રવીણકુમાર માળી
(C) શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા
(D) શ્રી હર્ષ સંઘવી

**47) ગાંધીનગર ખાતેના 'Flood Control Cell' ની મુલાકાત લઈ કયા મંત્રીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન-2026 ની સમીક્ષા કરી?**

(A) શ્રી કુંવરજીભાઈ બાવળિયા
(B) શ્રી ઈશ્વરસિંહ પટેલ
(C) શ્રી સંજયસિંહ મહિડા
(D) શ્રી ઋષિકેશભાઈ પટેલ

**48) છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ તાલુકાની બે પ્રાથમિક શાળા ખાતે કઈ સ્માર્ટ શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું?**

(A) સંકલ્પ વિદ્યાલય
(B) સંકલ્પ વિદ્યોદય
(C) જ્ઞાન વિદ્યોદય
(D) સ્માર્ટ વિદ્યામંદિર

**49) મહેસાણા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ તરભ ખાતે ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે કયા મંત્રીએ દર્શન કરી ધન્યતા અનુભવી?**

(A) શ્રી કૌશિકભાઈ વેકરિયા
(B) શ્રી પ્રવીણભાઈ માળી
(C) ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા
(D) શ્રી ત્રિકમભાઈ છાંગા

**50) નેશનલ હેન્ડલૂમ ડે નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં કઈ સંસ્થાના કર્મયોગીઓ સાથે સંવાદ કરીને હેન્ડલૂમ પ્રોડક્ટની જાણકારી મેળવી?**

(A) ગુર્જરી હેન્ડલૂમ
(B) ગરવી ગુર્જરી
(C) ગુજરાત હેન્ડલૂમ કોર્પોરેશન
(D) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

**51) ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કના 'સહકાર ભવન' ના લોકાર્પણ સમયે આપેલી માહિતી મુજબ બેન્ક દ્વારા પોતાના એકંદર ધિરાણમાંથી કેટલા ટકા ધિરાણ માત્ર કૃષિ અને કૃષિ-સંલગ્ન ક્ષેત્રોને આપવામાં આવ્યું છે?**

(A) 85 ટકા
(B) 90 ટકા
(C) 95 ટકા
(D) 97 ટકા

**52) મ્યુનિફેક્ચરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે રૂ. 2,999 કરોડથી વધુનું રોકાણ ધરાવતા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને મંજૂરી આપનાર ઉચ્ચસ્તરીય કમિટીના અધ્યક્ષ કોણ હતા?**

(A) શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ (B) શ્રી હર્ષ સંઘવી
(C) શ્રી બલવંતસિંહ રાજપૂત (D) શ્રી સંજીવ કુમાર

**53) ઊંઝા ખાતે આવેલી 'ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ' ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી જે આજે વરિયાળી અને મસાલાનું મુખ્ય કેન્દ્ર છે?**

(A) વર્ષ 1954 (B) વર્ષ 1964 (C) વર્ષ 1974 (D) વર્ષ 1984

**54) આયુર્વેદમાં 'નિત્ય રસાયન' સંદર્ભે 'આહાર સંભવં વસ્તુ, રોગાશ્ચ આહાર સંભવાઃ' નો સિદ્ધાંત આપેલ છે. આ મુજબ દેશી ગાયના ઘી વિશે કયું વિધાન સાચું છે?**

(A) તે માત્ર રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે.
(B) તે આયુર્વેદમાં શ્રેષ્ઠ સ્નેહદ્રવ્ય અને રસાયન માનવામાં આવ્યું છે.
(C) તેમાં વિટામિન C નું પ્રમાણ સૌથી વધુ હોય છે.
(D) તે પાચનક્રિયાને ધીમી પાડે છે.

**55) કવિ પ્રકાશ 'જલાલ' ની 'અનુસ્વાર-અષ્ટક' રચના મુજબ, નીચેનામાંથી કયા શબ્દપ્રયોગમાં અનુસ્વારનો સાચો ઉપયોગ થયો છે?**

(A) બા ગયા (B) બહેન આવ્યાં (C) ઝાડ ઊંચા (D) ફૂલ પેલા

**56) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા 'સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણ યોજના' બાબતે કયું વિધાન ખોટું છે?**

(A) બેરોજગાર યુવાનો રૂ. 50 હજારથી રૂ. 5 લાખ સુધીનું ધિરાણ મેળવી શકે છે.
(B) આ લોન માત્ર 6 ટકાના વાર્ષિક વ્યાજના દરે ઉપલબ્ધ છે.
(C) અરજદારની ઉંમર 18 થી 55 વર્ષની વચ્ચે હોવી જોઈએ.
(D) ગ્રામવિસ્તાર માટે કૌટુંબિક વાર્ષિક આવક રૂ. 1.50 લાખથી વધુ ન હોવી જોઈએ.

**57) ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) દ્વારા સંચાલિત શાળાઓના માળખામાં ભારત સરકારની કેટલી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) નો સમાવેશ થાય છે?**

(A) 10 (B) 12 (C) 43 (D) 44

**58) ઐતિહાસિક નગરી વડનગર ખાતે યોજાયેલ 'વડનગર શ્રાવણોત્સવ' બાબતે કઈ માહિતી સુસંગત નથી?**

(A) આ મહોત્સવનો પ્રારંભ શર્મિષ્ઠા તળાવના કિનારેથી કરવામાં આવ્યો હતો.
(B) મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય 'ડમરુ યાત્રા' નું પ્રસ્થાન નાયબ મુખ્યમંત્રીએ કરાવ્યું.
(C) ડમરુ યાત્રામાં કુલ 151 નિષ્ણાત કલાકારો દ્વારા એકસાથે ડમરુ-વાદન કરવામાં આવ્યું હતું.
(D) નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોતે હેરિટેજ ઓટોરિક્ષામાં સવારી કરી હતી.

**59) વન્યપ્રાણી સૃષ્ટિના સંરક્ષણના પ્રયાસોના પરિણામે ગુજરાતમાં મુક્ત અવસ્થામાં વસતા એશિયાટિક સિંહોની વસ્તી વધીને કેટલી નોંધાઈ છે?**

(A) 781 (B) 891 (C) 911 (D) 951

**60) ભગવાન બિરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન યોજના અંતર્ગત તાજેતરમાં નર્મદા જિલ્લાને વધુ કેટલી નવી મિનિ બસોની ભેટ મળી હતી?**

(A) 3 (B) 5 (C) 7 (D) 10

**જવાબ કી — ગુજરાત પાક્ષિક અંક - ૧૬**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-B | 2-C | 3-A | 4-B | 5-C | 6-A | 7-B | 8-D | 9-A | 10-B |
| 11-C | 12-B | 13-C | 14-B | 15-B | 16-B | 17-A | 18-C | 19-A | 20-B |
| 21-A | 22-C | 23-D | 24-B | 25-C | 26-B | 27-C | 28-A | 29-C | 30-B |
| 31-C | 32-B | 33-A | 34-B | 35-B | 36-B | 37-B | 38-B | 39-C | 40-B |
| 41-C | 42-B | 43-C | 44-B | 45-B | 46-C | 47-B | 48-B | 49-B | 50-B |
| 51-D | 52-B | 53-A | 54-B | 55-B | 56-D | 57-D | 58-C | 59-B | 60-B |

**1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં સાણંદમાં કઈ કંપનીના આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર ઍસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો?**

(A) માઇક્રોન ટેક્નોલોજી
(B) સીજી સેમિ (CG Semi)
(C) ટાટા ઇલેક્ટ્રોનિક્સ
(D) કેઇન્સ સેમિકોન

**2) સાણંદમાં કાર્યરત થયેલા સીજી સેમિ OSAT પ્લાન્ટની પૂર્ણ ક્ષમતાએ દૈનિક ચિપ ઉત્પાદન ક્ષમતા કેટલી હશે?**

(A) 50 લાખ ચિપ્સ
(B) 1 કરોડ ચિપ્સ
(C) 1.5 કરોડ ચિપ્સ
(D) 2.5 કરોડ ચિપ્સ

**3) સીજી સેમિ OSAT પ્રોજેક્ટમાં સીજી પાવર એન્ડ ઇન્ડસ્ટ્રિયલ સૉલ્યુશન્સ લિમિટેડ સાથે કઈ બે વિદેશી કંપનીઓની સંયુક્ત ભાગીદારી છે?**

(A) નિપ્પોન એક્સપ્રેસ (જાપાન) અને હોતાચી (મલેશિયા)
(B) રેનેસાંસ ઇલેક્ટ્રોનિક્સ (જાપાન) અને સ્ટાર માઇક્રો-ઇલેક્ટ્રોનિક્સ (થાઇલેન્ડ)
(C) TSMT (તાઇવાન) અને ઇન્ફિનિયોન ટેક્નોલૉજિસ (જર્મની)
(D) ફુજીફિલ્મ (જાપાન) અને TNSI (દક્ષિણ કોરિયા)

**4) ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ ગુજરાતમાં કુલ કેટલા મોટા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે?**

(A) 3
(B) 4
(C) 6
(D) 8

**5) ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ મંજૂરી મેળવનાર 'ક્રિસ્ટલ મેટ્રિક્સ' પ્રોજેક્ટની મુખ્ય વિશેષતા શું છે?**

(A) તે ભારતની પ્રથમ વ્યવસાયિક સેમિકન્ડક્ટર ફાઉન્ડ્રી (Fab) બનશે.
(B) તે ભારતનું પ્રથમ વ્યવસાયિક મિનિ અને માઇક્રો-LED ડિસ્પ્લે ફેબ તથા પૅકેજિંગ યુનિટ સ્થાપશે.
(C) તે ભારતનો સૌથી મોટો ડેટા સેન્ટર પાર્ક બનાવશે.
(D) તે માત્ર ઇલેક્ટ્રિક વ્હીકલની ચિપ્સ બનાવશે.

**6) ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પૉલિસી ભારત સરકારની કઈ યોજના સાથે સુસંગત રહીને બનાવવામાં આવી છે?**

(A) PLI (Production Linked Incentive)
(B) SPECS (Scheme for Promotion of Electronic Components and Semiconductors)
(C) DLI (Design Linked Incentive)
(D) CHIPS (Creating Hubs for Innovative Production of Semiconductors)

**7) સીજી સેમિ OSAT ફેસિલિટી ખાતેથી પ્રથમ કૉમર્શિયલ કન્સાઇનમેન્ટ કઈ કંપનીના વૈશ્વિક ગ્રાહકો માટે રવાના કરવામાં આવ્યું?**

(A) ટાટા ઇલેક્ટ્રોનિક્સ
(B) ઇન્ટેલ
(C) માઇક્રોન ટેક્નોલોજી
(D) રેનેસાંસ (જાપાન)

**8) કેન્દ્રીય આઇટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના જણાવ્યા અનુસાર, વર્ષ 2026 પૂરું થતાં સુધીમાં ભારતમાં કુલ કેટલા સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સમાં પ્રોડક્શન શરૂ કરાશે?**

(A) બે
(B) ત્રણ
(C) પાંચ
(D) છ

**9) વર્ષ 2026 માં અમદાવાદમાં ભગવાન શ્રી જગન્નાથજીની કેટલામી રથયાત્રા યોજાઈ હતી?**

(A) 146મી
(B) 147મી
(C) 148મી
(D) 149મી

**10) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન શ્રી જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સતત કેટલામી વખત સંપન્ન કરી હતી?**

(A) ત્રીજી
(B) ચોથી
(C) પાંચમી
(D) છઠ્ઠી

**11) મેમનગર ખાતે SGVP ગુરુકુળ દ્વારા આયોજિત રથયાત્રાની આ વર્ષે કેટલામી આવૃત્તિ હતી, જેને મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવ્યું?**

(A) 15મી
(B) 19મી
(C) 21મી
(D) 25મી

**12) સુરતમાં ખાડી-પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે 'ખાડી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' અંતર્ગત રાજ્ય સરકાર તરફથી કેટલી રકમની ફાળવણી જાહેર કરવામાં આવી છે?**

(A) રૂ. 200 કરોડ (B) રૂ. 500 કરોડ (C) રૂ. 1,000 કરોડ (D) રૂ. 1,500 કરોડ

**13) સુરત પૂરમાં અસરગ્રસ્ત દુકાનદારો માટેના પુનઃવસન સહાય પૅકેજ મુજબ, નાની સ્થાયી કૅબિન (40 ચોરસ ફૂટ સુધી) ધરાવતા દુકાનદારોને કેટલી ઉચ્ચક રોકડ સહાય અપાશે?**

(A) રૂ. 7,500 (B) રૂ. 15,000 (C) રૂ. 25,000 (D) રૂ. 50,000

**14) પુનઃવસન સહાય પૅકેજ અંતર્ગત, પાકી દુકાન ધરાવતા અને છેલ્લા ત્રિમાસિકનું GST રિટર્ન ભરેલું હોય તેવા અસરગ્રસ્તોને કેટલી ઉચ્ચક રોકડ સહાય મળશે?**

(A) રૂ. 50,000 (B) રૂ. 75,000 (C) રૂ. 1,00,000 (D) રૂ. 1,50,000

**15) 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29' ના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો નથી?**

(A) 20 વર્ષ માટે પ્રતિ યુનિટ રૂ. 1 પાવર ટૅરિફ સબસિડી.
(B) જમીનની લીઝ/ખરીદી પર 100% સ્ટૅમ્પ ડ્યૂટી મુક્તિ.
(C) 10 વર્ષ માટે 100% ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી રિઇમ્બર્સમેન્ટ.
(D) કેપ્ટિવ ડિસેલિનેશન પ્લાન્ટ માટે 20% કેપિટલ સપોર્ટ.

**16) પુનઃવસન સહાય પૅકેજ અંતર્ગત વ્યાજ-સહાય મેળવવા માટે અસરગ્રસ્તોએ ઠરાવ થયાની તારીખથી કેટલા સમયમાં જિલ્લા ઉદ્યોગકેન્દ્રને અરજી કરવાની રહેશે?**

(A) ત્રણ માસ (B) છ માસ (C) નવ માસ (D) એક વર્ષ

**17) વલસાડ જિલ્લામાં પૂર રાહત કામગીરી દરમિયાન, વાપીના સલવાવ ખાતે ઇલેક્ટ્રિક વીજ પોલ પર ફસાયેલા યુવાનને ઉગારવા કઈ એજન્સીના હેલિકોપ્ટરની મદદ લેવાઈ હતી?**

(A) ભારતીય વાયુસેના (IAF) (B) દમણ કોસ્ટ ગાર્ડ
(C) NDRF ઍર વિંગ (D) ગુજરાત સ્ટેટ એવિએશન

**18) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના કયા ગામમાં ભારે વરસાદ અને પૂરને પગલે ફસાયેલા નાગરિકોને એર-રેસ્ક્યૂ દ્વારા બચાવવામાં આવ્યા?**

(A) અંતાપુર (B) મેંધર (C) ડોલવણ (D) બીલીમોરા

**19) ગુજરાતમાં પ્રથમ વાર વન-મહોત્સવની ઉજવણીની અનોખી શરૂઆત કોણે અને ક્યારે કરાવી હતી?**

(A) શ્રી કનૈયાલાલ મુનશી, 1950 (B) શ્રી મોરારજી દેસાઈ, 1956
(C) શ્રી જીવરાજ મહેતા, 1960 (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી, 2004

**20) ગુજરાતમાં સાંસ્કૃતિક વન નિર્માણની શરૂઆત કયા વર્ષે અને કયા વનથી થઈ હતી?**

(A) 2001, પુનિત વન (B) 2004, પુનિત વન
(C) 2004, માંગલ્ય વન (D) 2008, રક્ષક વન

**21) અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન (AMC) દ્વારા કયા સ્થળે મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં 3.61 લાખ રોપાઓનું વાવેતર કરી ગિનીસ વર્લ્ડ રેકૉર્ડ સ્થાપવામાં આવ્યો?**

(A) સાયન્સ સિટી (B) પીરાણા (C) ભાડજ (D) ગોતા

**22) AMC દ્વારા ભાડજ ખાતે સ્થાપિત મિયાવાકી વૃક્ષારોપણના ગિનીસ વર્લ્ડ રેકૉર્ડમાં કુલ કેટલા વિસ્તારમાં વૃક્ષો વાવવામાં આવ્યા?**

(A) 50,000 ચો.મીટર (B) 76,000 ચો.મીટર
(C) 91,006 ચો.મીટર (D) 1,25,000 ચો.મીટર

**23) કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં એક જ દિવસમાં કેટલા વૃક્ષોના રોપા રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું?**

(A) 50 લાખ (B) 1 કરોડ
(C) 1 કરોડ 25 લાખ 93 હજાર 513 (D) 1 કરોડ 50 લાખ

**24) ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં હરિયાળીનું પ્રમાણ 11.23 ટકાથી વધારીને વર્ષ 2029 સુધીમાં કેટલા ટકા કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરાયું છે?**

(A) 15 ટકા (B) 20 ટકા (C) 25 ટકા (D) 33 ટકા

**25) કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં કયા નવા પાર્કનું લોકાર્પણ કરવામાં આવ્યું, જેનાથી ગાંધીનગર મતક્ષેત્રમાં આવા પાર્કની કુલ સંખ્યા 73 થઈ ગઈ?**

(A) બાયોડાયવર્સિટી પાર્ક (B) સ્મૃતિ વન
(C) ઑક્સિજન પાર્ક (D) ઇકો-ટૂરિઝમ પાર્ક

**26) વર્ષ 2024-25 માં 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત 17.48 કરોડ વૃક્ષોનું વાવેતર કરીને દેશમાં ગુજરાત કયા સ્થાને રહ્યું છે?**

(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચતુર્થ

**27) ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયાના અહેવાલ મુજબ, ગુજરાતનો કયો જિલ્લો 708.42 ચો.કિમી મેન્ગ્રૂવ કવર સાથે રાજ્યમાં અગ્રેસર છે?**

(A) જામનગર (B) દેવભૂમિ દ્વારકા
(C) ગીર સોમનાથ (D) કચ્છ

**28) ગુજરાતની પ્રથમ 'બાયો-ડાયવર્સિટી હેરિટેજ સાઇટ' તરીકે કયા મેન્ગ્રૂવ વિસ્તારને જાહેર કરાયો છે?**

(A) પીરોટન ટાપુ (B) કોરીક્રીક
(C) ગુનેરી ગામ (કચ્છ) (D) ખીજડીયા

**29) વન અને વન્યજીવ સંબંધિત માહિતી, કુદરતી આફતોમાં સહાય અને રોપા-વિતરણ માટે ગુજરાત વનવિભાગ દ્વારા કઈ હેલ્પલાઇન શરૂ કરાઈ છે?**

(A) 1912 (B) 1926 (C) 1070 (D) 1553

**30) છ દાયકા (લગભગ 1950-60 ના દાયકા) બાદ ગીરના જંગલમાં કયા પક્ષીને ફરીથી પુનઃસ્થાપિત (Re-introduce) કરવામાં સફળતા મળી છે?**

(A) ઘોરાડ (Great Indian Bustard) (B) ચિલોત્રો (Indian Grey Hornbill)
(C) ગીધ (Vulture) (D) લેસર ફ્લોરિકન (ખડમોર)

**31) ગીરમાં ચિલોત્રા (Indian Grey Hornbill) પક્ષીને કયા જંગલોમાંથી લાવીને છોડવામાં આવ્યા હતા?**

(A) ડાંગના જંગલો (B) અરવલ્લીનાં જંગલો
(C) પોળોના જંગલો (D) સાપુતારાનાં જંગલો

**32) ગીરમાં મુક્ત કરાયેલા ઇન્ડિયન ગ્રે હૉર્નબિલના સરેરાશ દૈનિક હિલચાલના ડેટા મુજબ, પરિચિત થયા બાદ તેમની હિલચાલ 4.3 કિમીથી ઘટીને કેટલી થઈ ગઈ?**

(A) 3.5 કિમી (B) 2.5 કિમી (C) 1.4 કિમી (D) 0.5 કિમી

**33) ગીરમાં ચિલોત્રા પક્ષીઓને પાછાં લાવવાના પ્રયાસોનું વ્યાપક મૂલ્યાંકન કઈ આંતરરાષ્ટ્રીય પીઅર-રિવ્યૂડ જર્નલમાં પ્રકાશિત થયું છે?**

(A) Nature (B) Avian Biology
(C) Birds (D) Ornithology Today

**34) નલિયા ખાતે વનવિભાગ દ્વારા કઈ વૈજ્ઞાનિક પદ્ધતિ (ટેકનિક) થી જન્મેલું ઘોરાડ (GIB) પક્ષીનું બીજું બચ્ચું જન્મ પછીના કટોકટી જેવા ગણાતા 40 દિવસ સુધી જીવી ગયું છે?**

(A) ઇન્ક્યુબેટર-બ્રીડિંગ (B) જમ્પ-સ્ટાર્ટ (Jump-start)
(C) નેચરલ-નેસ્ટિંગ (D) ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન

**35) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ (VGRC) – સેન્ટ્રલ ગુજરાતનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?**

(A) આણંદ (B) નડિયાદ (C) ગોધરા (D) વડોદરા

**36) મધ્ય ગુજરાતની VGRC માં કુલ કેટલા એમ.ઓ.યુ. (MoUs) થયા અને કેટલું રોકાણ નિર્ધારિત થયું?**

(A) 1,500 MoUs, રૂ. 1.50 લાખ કરોડ (B) 2,150 MoUs, રૂ. 2.25 લાખ કરોડ
(C) 3,759 MoUs, રૂ. 3.34 લાખ કરોડ (D) 5,000 MoUs, રૂ. 5.10 લાખ કરોડ

**37) નીચેનામાંથી કઈ નવી સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને જિલ્લાની જોડ સાચી નથી?**

(A) મહીજ અને સરખેજ - ખેડા
(B) અંઘાડી (ગળતેશ્વર) - ખેડા
(C) નદીસર - પંચમહાલ
(D) ઉંડવા - દાહોદ

**38) મધ્ય ગુજરાતની VGRC માં કરાયેલી જાહેરાત મુજબ, અમદાવાદ જિલ્લામાં કયા સ્થળે 515.2 એકર વિસ્તારમાં સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ વિકસાવાશે?**

(A) સાણંદ
(B) માંડલ
(C) વિરમગામ
(D) ધોળકા

**39) ગુજરાતના કુલ મૅન્યુફેક્ચરિંગ આઉટપુટમાં મધ્ય ગુજરાત ક્ષેત્રનું યોગદાન લગભગ કેટલા ટકા છે?**

(A) 15 ટકા
(B) 20 ટકા
(C) 28 ટકા
(D) 40 ટકા

**40) સેન્ટ્રલ ગુજરાત ઇકૉનૉમિક માસ્ટર પ્લાન હેઠળ, કયા શહેરને ભારતનું આગામી 'સ્પોર્ટ્સ ઇક્વિપમેન્ટ હબ' બનાવવામાં આવશે?**

(A) વડોદરા
(B) આણંદ
(C) ગોધરા
(D) છોટાઉદેપુર

**41) મધ્ય ગુજરાતની VGRC માં કઈ કંપનીએ વડોદરામાં ગ્રીનફિલ્ડ એન્જિનિયરિંગ, ઑટો અને અન્ય ઉદ્યોગોના વિકાસ માટે રૂ. 2,002 કરોડના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી?**

(A) રુબામિન ઇન્ડિયા
(B) પોલિકેબ ઇન્ડિયા લિમિટેડ
(C) ટાટા મોટર્સ
(D) લાર્સન એન્ડ ટુબ્રો

**42) રુબામિન ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા વડોદરામાં કયા ક્ષેત્રના વિસ્તરણ માટે રૂ. 615 કરોડના રોકાણના કરાર કરવામાં આવ્યા?**

(A) ઇલેક્ટ્રિક વ્હીકલ બેટરી
(B) ક્રિટિકલ મિનરલ રિસાઇક્લિંગ
(C) ગ્રીન હાઇડ્રોજન
(D) ફાર્માસ્યુટિકલ રિસર્ચ

**43) ઇન્ડસ્ટ્રિયલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ને પ્રોત્સાહન આપવા માટે 'સેન્ટર ઑફ એક્સેલન્સ' અને 'લિવિંગ લૅબ્સ' ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવશે?**

(A) માઇક્રોસોફ્ટ અને ગુજરાત સરકાર
(B) IBM ઇન્ડિયા અને ઇન્ડિયન AI રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
(C) ગૂગલ અને IIM અમદાવાદ
(D) સિસ્કો અને IIT ગાંધીનગર

**44) ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC) અને ગુજરાત એનર્જી લિમિટેડ (GEL) વચ્ચે સિક્કા ખાતે કયા ટર્મિનલના વિકાસ માટે MoU થયા?**

(A) LNG ટર્મિનલ
(B) પ્રોપેન/LPG ટર્મિનલ
(C) ગ્રીન હાઇડ્રોજન હબ
(D) ઑફશોર વિન્ડ એનર્જી

**45) વડોદરામાં VGRC દરમિયાન મુક્ત વેપાર-કરાર (FTA) ના સંદર્ભમાં કયા દેશના કોન્સલ જનરલ સાથે મુખ્યમંત્રીશ્રીએ બેઠક યોજી હતી?**

(A) યુક્રેન
(B) આયર્લેન્ડ
(C) રશિયા
(D) જર્મની

**46) કેન્દ્ર સરકારના 'અર્બન ચૅલેન્જ ફંડ' અંતર્ગત અમદાવાદ મહાનગરમાં 6 મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?**

(A) રૂ. 1500.50 કરોડ
(B) રૂ. 2000.00 કરોડ
(C) રૂ. 2719.80 કરોડ
(D) રૂ. 3500.00 કરોડ

**47) ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ દ્વારા ગુજરાત સરકારની કઈ સંસ્થાને 11 દિવસમાં 350 પ્રદર્શકો સાથે બિઝનેસ એક્સપોઝિશન આયોજિત કરવા બદલ પ્રમાણપત્ર એનાયત કરાયું?**

(A) GIDC
(B) iNDEXTb
(C) GMB
(D) ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત

**48) 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29' અંતર્ગત રાજ્ય સરકારે કેટલા ગીગાવૉટ ડેટા સેન્ટર ક્ષમતા વિકસાવવાનું આયોજન કર્યું છે?**

(A) 2 ગીગાવૉટ
(B) 5 ગીગાવૉટ
(C) 8 ગીગાવૉટ (10 ગીગાવૉટની દરખાસ્તો સામે)
(D) 15 ગીગાવૉટ

**49) 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29' મુજબ, ડેટા સેન્ટરને વીજળીના વપરાશ પર 20 વર્ષ માટે કેટલી પાવર ટેરિફ સબસિડી મળશે?**

(A) પ્રતિ યુનિટ રૂ. 0.50
(B) પ્રતિ યુનિટ રૂ. 1.00
(C) પ્રતિ યુનિટ રૂ. 1.50
(D) પ્રતિ યુનિટ રૂ. 2.00

**50) વિધાન (A): વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29 માં ડેટા સેન્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે SGST નું 100% રિઇમ્બર્સમેન્ટ 10 વર્ષ માટે આપવામાં આવશે.**
**કારણ (R): આ પૉલિસી ડેટા સેન્ટર સ્થાપકોને પ્રોત્સાહન આપી ગુજરાતને વૈશ્વિક ડેટા હબ બનાવવા માંગે છે.**
**આ બંનેના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો છે?**

(A) વિધાન (A) સાચું છે, અને કારણ (R) પણ સાચું છે.
(B) વિધાન (A) ખોટું છે, પણ કારણ (R) સાચું છે.
(C) વિધાન (A) સાચું છે, પણ કારણ (R) ખોટું છે.
(D) વિધાન (A) અને કારણ (R) બંને ખોટાં છે.

**51) ડિજિટલ વ્યક્તિગત ડેટા-સંરક્ષણ અધિનિયમ, 2023 (DPDP Act) ના સંદર્ભમાં ખેડૂતોની માહિતીની સુરક્ષા માટે કૃષિ વિભાગે કઈ સમિતિની રચના કરી છે?**

(A) ખેડૂત ડેટા સુરક્ષા સમિતિ (FDSC)
(B) વિભાગીય ડેટા સમિતિ (DDC)
(C) કૃષિ સાયબર સુરક્ષા બોર્ડ (ACSB)
(D) ડેટા ગવર્નન્સ કાઉન્સિલ

**52) નર્મદા જળ-વિવાદના કાયમી ઉકેલ માટે કયા ચાર રાજ્યો વચ્ચે ઐતિહાસિક 'વન-ટાઇમ સેટલમેન્ટ' કરાર (MoU) થયા?**

(A) ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ
(B) ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઝારખંડ
(C) ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગોવા
(D) ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને પંજાબ

**53) નર્મદા જળ-વિવાદના 'વન-ટાઇમ સેટલમેન્ટ' કરાર મુજબ, બાકી ચુકવણીના નિકાલ માટે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ મળીને ગુજરાતને કુલ કેટલી રકમ ચૂકવશે?**

(A) રૂ. 1000 કરોડ
(B) રૂ. 1250 કરોડ
(C) રૂ. 1650 કરોડ (દરેક રાજ્ય 550 કરોડ)
(D) રૂ. 2000 કરોડ

**54) ગાંધીનગરમાં શરૂ કરાયેલી 'PM eBus Sewa' અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર કયા મોડલ પર ઇ-બસોનું સંચાલન કરશે?**

(A) EPC મોડલ
(B) BOT મોડલ
(C) PPP મોડલ
(D) HAM મોડલ

**55) દેશની સર્વપ્રથમ સહકારી ટેક્સી-સેવા 'ભારત ટેક્સી' નો પ્રારંભ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ક્યાંથી કરાવ્યો?**

(A) ગાંધીનગર
(B) સુરત
(C) વડોદરા
(D) અમદાવાદ

**56) 'ભારત ટેક્સી' માં અત્યાર સુધીમાં 7 લાખથી વધુ સારથિઓ કેટલા રૂપિયાનો શેર લઈને સહ-માલિક બન્યા છે?**

(A) રૂ. 100
(B) રૂ. 500
(C) રૂ. 1000
(D) રૂ. 5000

**57) મહિલાઓને વાહન ચલાવવાની રોજગારી પૂરી પાડવા 'ભારત ટેક્સી' અંતર્ગત કઈ પહેલ શરૂ કરવામાં આવી છે?**

(A) મહિલા સારથિ
(B) નારી રાઇડ
(C) સારથિ દીદી
(D) પિન્ક ટેક્સી

**58) માતાના ગર્ભથી લઈને 16 વર્ષના બાળક સુધીના સ્વાસ્થ્ય અને પોષણનું આઇટી માધ્યમથી સચોટ ટ્રેકિંગ કરવા માટે ગાંધીનગરમાં કઈ ડિજિટલ સિસ્ટમનો પ્રારંભ કરાયો?**

(A) પોષણ ટ્રેકર 2.0
(B) પીએમ – ફેમિલી કેર ટ્રેકર (PM-FCT)
(C) ચાઇલ્ડ હેલ્થ મોનિટર
(D) માતૃ-વંદના ડિજિટલ પાસપોર્ટ

**59) 'પીએમ – ફેમિલી કેર ટ્રેકર' ની સાથે બાળકોના રસીકરણ અને આરોગ્યની માહિતી માટે કઈ અન્ય સેવાનું લોકાર્પણ કરવામાં આવ્યું?**

(A) હેલ્થ પાસપોર્ટ
(B) ડિજિટલ હેલ્થ કાર્ડ
(C) આયુષ્માન કેર બુક
(D) સંજીવની ક્યૂઆર

**60) 'વિકસિત ગુજરાત@2047' અમલીકરણ રોડમૅપ કઈ બે સંસ્થાઓ દ્વારા સંયુક્તપણે તૈયાર કરવામાં આવ્યો છે?**

(A) નીતિ આયોગ અને GIDB
(B) ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સફોર્મેશન (GRIT) અને સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ
(C) IIM અમદાવાદ અને નાણા વિભાગ
(D) રિઝર્વ બેંક અને ઉદ્યોગ વિભાગ

**61) 'વિકસિત ગુજરાત@2047' રોડમૅપમાં કયા બે મુખ્ય મંત્રોને સાકાર કરવા 11 થીમ અને 120 મેક્રો ગોલ નક્કી કરવામાં આવ્યા છે?**

(A) ગ્રીન ગુજરાત, ક્લીન ગુજરાત
(B) આત્મનિર્ભર ગુજરાત, આત્મનિર્ભર ભારત
(C) લિવિંગ વેલ અને અર્નિંગ વેલ
(D) મેક ઇન ગુજરાત, સ્માર્ટ ગુજરાત

**62) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં શૈક્ષણિક વિકાસને વેગ આપવા કેટલી નવી કમ્પોઝિટ શાળાઓ મંજૂર કરવામાં આવી?**

(A) 3
(B) 6
(C) 10
(D) 15

**63) ગાંધીનગરમાં રૂ. 127 કરોડના ખર્ચે કઈ યુનિવર્સિટીના નૂતન ભવનનું ભૂમિપૂજન મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું?**

(A) ચિલ્ડ્રન યુનિવર્સિટી
(B) નૅશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)
(C) ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ ઍજ્યુકેશન (IITE)
(D) કૌશલ્યા સ્કિલ યુનિવર્સિટી

**64) IITE ના નૂતન ભવનના ભૂમિપૂજન સમારોહમાં મહાનુભાવો દ્વારા કયા અભ્યાસક્રમનું ડિજિટલ વિમોચન કરવામાં આવ્યું?**

(A) B.Ed. 2.0
(B) ITEP (Integrated Teacher Education Programme)
(C) NEP ઍડવાન્સ ટીચર કોર્સ
(D) ડિજિટલ પેડાગોજી

**65) ડ્રૉપઆઉટ બાળકોને પુનઃ શાળાએ મોકલવા અને 'ઝીરો ડ્રૉપઆઉટ' ના લક્ષ્ય સાથે રાજ્ય સરકારે કયું રાષ્ટ્રવ્યાપી મહાઅભિયાન શરૂ કર્યું છે?**

(A) કન્યા કેળવણી મહોત્સવ
(B) બૅક ટુ સ્કૂલ મિશન
(C) સમરસ વિદ્યાસેતુ
(D) વિદ્યા જ્યોતિ અભિયાન

**66) 'સમરસ વિદ્યાસેતુ' અભિયાન અંતર્ગત શાળા છોડી ગયેલા આશરે કેટલા બાળકોને શોધીને પુનઃ શિક્ષણની મુખ્ય ધારામાં લાવવાનું આયોજન છે?**

(A) 25,000
(B) 50,000
(C) 80,000
(D) 1,00,000

**67) આદિજાતિ વિદ્યાર્થીઓ માટે 'ભગવાન બિરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન યોજના' અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી કેટલી નવી બસોને ફ્લૅગ-ઑફ કરાવ્યું?**

(A) 50
(B) 111
(C) 139
(D) 250

**68) રાષ્ટ્રીય અન્ન-સુરક્ષા કાયદો-2013 હેઠળ વાજબી ભાવની દુકાન-સંચાલકોને ચૂકવવામાં આવતા કમિશનમાં પ્રતિ ક્વિન્ટલ કેટલો વધારો કરવામાં આવ્યો છે?**

(A) રૂ. 15
(B) રૂ. 25
(C) રૂ. 35
(D) રૂ. 50

**69) વાજબી ભાવની દુકાન-સંચાલકોના કમિશનમાં થયેલો વધારો કઈ તારીખથી અમલમાં આવશે?**

(A) 1 જાન્યુઆરી, 2026
(B) 1 એપ્રિલ, 2026
(C) 1 જુલાઈ, 2026
(D) 1 ઓગસ્ટ, 2026

**70) વાહનની માલિકીમાં ફેરફાર અને અન્ય રાજ્યોમાં વાહન તબદીલ કરવાના કિસ્સામાં પરિવહન પોર્ટલ પર કયા ડૉક્યુમેન્ટને લિંક કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે?**

(A) પાન કાર્ડ
(B) રેશન કાર્ડ
(C) આધારકાર્ડ
(D) પાસપોર્ટ

**71) ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પશુધનની સુરક્ષા માટે ઘાસચારાની વ્યવસ્થા અંગે ત્વરિત નિર્ણય લેવા રાજ્ય સરકારે કોને સીધી સત્તા સોંપી છે?**

(A) જિલ્લા પંચાયત પ્રમુખ
(B) જિલ્લા વિકાસ અધિકારી (DDO)
(C) જિલ્લા કલેક્ટર
(D) મામલતદાર

**72) રાજ્યની મહેસૂલ પાંખને વધુ સક્ષમ બનાવવા તાજેતરમાં કયા સંવર્ગમાં 2300 થી વધુ યુવાઓને નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા?**

(A) નાયબ મામલતદાર
(B) મહેસૂલ-તલાટી
(C) ક્લાર્ક વર્ગ-3
(D) સર્કલ ઓફિસર

**73) સિટી-સર્વે નકશાઓને જિયો રેફરન્સિંગ માટે સેટલમેન્ટ કમિશનર અને ભારત સરકારની કઈ સંસ્થા વચ્ચે સમજૂતી કરાર (MoU) થયા?**

(A) ઇસરો (ISRO) (B) સર્વે ઑફ ઇન્ડિયા
(C) બાયસેગ (BISAG-N) (D) નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર

**74) ગુજરાત પોલીસદળમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત કરવા તાજેતરમાં કેટલા બિન-હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરો (PSI) ને નિમણૂકપત્ર અર્પણ કરવામાં આવ્યા?**

(A) 250 (B) 350 (C) 449 (D) 500

**75) રાજ્યમાં 0 થી 5 વર્ષનાં 83 લાખ 49 હજારથી વધુ બાળકોને આવરી લેતા 'પલ્સ-પોલિયો અભિયાન' ની 2026 ના વર્ષમાં 'પોલિયો રવિવાર' તરીકે કઈ તારીખે શરૂઆત થઈ?**

(A) 21 જૂન, 2026 (B) 28 જૂન, 2026 (C) 15 જુલાઈ, 2026 (D) 1 ઓગસ્ટ, 2026

**76) રાજ્યની 11,935 સરકારી આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવા ગાંધીનગર સિવિલ કેમ્પસથી કયા અભિયાનનો પ્રારંભ કરાયો?**

(A) નિર્મળ ગુજરાત અભિયાન (B) સ્વચ્છતા હી સેવા અભિયાન
(C) નમો સ્વચ્છતા અભિયાન અને અમૃતપાન અભિયાન (D) સ્વસ્થ ગુજરાત અભિયાન

**77) કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉત્તર ગુજરાતમાં 1 લાખથી વધુ નાગરિકો માટે અત્યાધુનિક તબીબી સુવિધાઓ ધરાવતા કયા નવા સામુદાયિક સ્વાસ્થ્યકેન્દ્રનું લોકાર્પણ કર્યું?**

(A) ચરાડા (B) માણસા (C) પ્રાંતિજ (D) અલુવા

**78) સાબરમતી નદી પર હીરાક અને રખિયાલ ગામે બે બૅરેજના નિર્માણથી ભૂગર્ભ જળસ્તરમાં કેટલો સુધારો થવાની સંભાવના છે?**

(A) 1 થી 3 ફૂટ (B) 5 થી 10 ફૂટ (C) 15 થી 20 ફૂટ (D) 20 ફૂટથી વધુ

**79) પ્રખ્યાત સાહિત્યકાર અને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા શ્રી રઘુવીર ચૌધરીના માનમાં બાપુપુરા ગામ ખાતે કયા ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું?**

(A) રઘુવીર સાહિત્ય ભવન (B) સંસ્કાર ભવન
(C) જ્ઞાનપીઠ પુસ્તકાલય (D) સારસ્વત ભવન

**80) વિચરતી અને વિમુક્ત જાતિના લોકો માટે 'શાંતિનિવાસ' હૉસ્ટેલનું ઉદ્ઘાટન ગાંધીનગર જિલ્લાના કયા ગામે કરવામાં આવ્યું?**

(A) પાનસર (કલોલ) (B) ડભોડા (C) શેરથા (D) રૂપાલ

**81) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીની સમીક્ષા બેઠક મુજબ, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેને કયા શહેર સુધી લંબાવવાનું કામ ઝડપભેર શરૂ કરવામાં આવશે?**

(A) રાજકોટ (B) ભાવનગર (C) સુરત (D) જામનગર

**82) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રીશ્રીએ રોડ અલાઇન્મેન્ટમાં આવતી જમીન-સંપાદનની સરળતા માટે બિનખેતી મંજૂરી અંગેની કાર્યવાહી કેટલા દિવસ માટે સ્થગિત કરવાના ગુજરાતના મૉડલની પ્રશંસા કરી?**

(A) 30 દિવસ (B) 45 દિવસ (C) 60 દિવસ (D) 90 દિવસ

**83) ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા 'અમૃત ભારત સ્ટેશન યોજના' (ABSS) અંતર્ગત ગુજરાતનાં કયા ચાર પુનઃવિકસિત રેલવે સ્ટેશનોનું વર્ચ્યુઅલ લોકાર્પણ વડાપ્રધાનશ્રી દ્વારા કરાયું?**

(A) અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ (B) પ્રતાપનગર, ગોધરા, પોરબંદર અને ભક્તિનગર
(C) પાલનપુર, મહેસાણા, પાટણ, સિદ્ધપુર (D) નડિયાદ, આણંદ, ભરૂચ, અંકલેશ્વર

**84) 'અમૃત ભારત સ્ટેશન યોજના' (ABSS) અંતર્ગત ગુજરાતમાં હાલ કેટલા રેલવે સ્ટેશનો લોકસમર્પિત (તૈયાર) થઈ ચૂક્યા છે?**

(A) 10 (B) 15 (C) 22 (D) 87

**85) વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રીમિયમ બિઝનેસ નેટવર્કિંગ પ્લૅટફૉર્મનું નામ શું છે, જેનું લૉન્ચિંગ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમદાવાદમાં કરવામાં આવ્યું?**

(A) VIBE (Vishwa Umiya Business Enterprise)
(B) VIBOS (Vishwa Umiya International Business Organization & Social Network)
(C) UMIYA-NET
(D) VISHWA-BIZ

**86) અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હૉલ ખાતે તાજેતરમાં કયા ઉદ્યોગનું B2B એક્ઝિબિશન યોજાયું હતું?**

(A) ડાયમંડ અને જ્વેલરી
(B) વાઇબ્રન્ટ ઇન્ડિયા સ્ટેઇનલેસ સ્ટીલ ઍક્ઝિબિશન-2026
(C) ઇન્ટરનેશનલ પ્લાસ્ટિક એક્સ્પો
(D) એગ્રીકલ્ચર મશીનરી એક્સ્પો

**87) સુરતમાં કાપડ ઉદ્યોગને વેગ આપવા સણિયા હેમાદ ખાતે કયું સંમેલન યોજાયું હતું?**

(A) વીવર્સ પરામર્શ સંમેલન (સિક્યૉર ઍરજેટ વીવર્સ ઍસોસિયેશન દ્વારા)
(B) ગ્લોબલ ટેક્સટાઇલ સમિટ
(C) સિલ્ક સિટી ઇન્વેસ્ટમેન્ટ કોન્ક્લેવ
(D) પાવરલૂમ ટેકનોલોજી એક્સ્પો

**88) સુરતમાં હાલમાં અંદાજિત કેટલા અત્યાધુનિક 'ઍર જેટ લૂમ્સ' મશીનો કાર્યરત છે, જે તેને ઍર જેટ લૂમ્સ હબ બનાવે છે?**

(A) 10 હજાર (B) 20 હજાર (C) 30 હજાર (D) 50 હજાર

**89) કોવિડ-19 મહામારી દરમિયાન ફરજ બજાવતા જીવ ગુમાવનાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમ (GSRTC) ના કેટલા કર્મચારીઓના પરિવારોને રૂ. 25 લાખની આર્થિક સહાય અપાઈ?**

(A) 50 (B) 75 (C) 115 (D) 150

**90) મણિપુરના ડૉ. રોનાલ્ડો લઈસરામજી (એસ્ટ્રોફિઝીસિસ્ટ) એ યંગ ગેલેક્સિસના એક વિશાળ સમૂહનું નામ મણિપુરના કયા પ્રખ્યાત તળાવ પરથી 'પ્રોટો-ક્લસ્ટર' રાખ્યું છે, જેનો ઉલ્લેખ PM એ મન કી બાતમાં કર્યો?**

(A) ચિલ્કા (B) લોકટક (C) વુલર (D) પુલીકટ

**91) પી. વી. સિંધુ બેડમિન્ટનમાં કયો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બની ગઈ છે? (મન કી બાતના આધારે)**

(A) ઑલ ઇંગ્લેન્ડ ઓપન (B) ચાઇના ઓપન
(C) જાપાન ઓપન (D) કોરિયા ઓપન

**92) બિહારના સીતામઢીમાં 'વેસ્ટ ટુ વેલ્થ' નું કયું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે?**

(A) 40 કિલો સિંગલ યૂઝ પ્લાસ્ટિકમાંથી આકર્ષક બેંન્ચ બનાવવી
(B) કચરામાંથી બાયોગેસ બનાવવો
(C) પ્લાસ્ટિકમાંથી રસ્તા બનાવવા
(D) ઇ-વેસ્ટમાંથી કમ્પ્યુટર પાર્ટ્સ બનાવવા

**93) કાશ્મીરની પરંપરાગત ચટાઈ 'વગુ' શામાંથી તૈયાર કરવામાં આવે છે?**

(A) ઊન અને રેશમ (B) શેરડીના કૂચા અને નાળિયેરના રેસા
(C) સરકન્ડા અને ધાનના પૂળા (સ્ટ્રો) (D) વાંસ અને શણ

**94) કેરલના એર્નાકુલમના સાઉથ ચિતૂરમાં કઈ ક્લબ દ્વારા સંસ્કૃત ભાષાને લોકપ્રિય બનાવવાનો નવતર પ્રયાસ 'અક્ષરકંદુક' નામે શરૂ કરાયો છે?**

(A) સાહિત્ય ક્લબ
(B) સંસ્કૃત ક્લબ (ફૂટબૉલમાં ઉપયોગમાં લેવાતા શબ્દો સાથે જોડીને)
(C) વેદ ક્લબ
(D) યોગ ક્લબ

**95) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના 65મા જન્મદિને વર્ચ્યુઅલ માધ્યમથી કયા જ્યોતિર્લિંગની મહાપૂજામાં ભાગ લીધો હતો?**

(A) મહાકાલેશ્વર (B) સોમનાથ મહાદેવ (C) મલ્લિકાર્જુન (D) નાગેશ્વર

**96) મુખ્યમંત્રીશ્રીએ તેમના જન્મદિને કયા સ્થળની મુલાકાત લઈને વિવિધ નિર્માણાધીન પ્રોજેક્ટ્સની સમીક્ષા-બેઠક કરી, જેનું 'સ્ટ્રેટેજિક રોડમૅપ-2030' તૈયાર કરવામાં આવ્યું છે?**

(A) ધોલેરા સર (B) ગિફ્ટસિટી
(C) ડ્રીમ સિટી (સુરત) (D) કેવડિયા

**97) આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના કયા ગામ પાસેથી પસાર થતી વખતે મુખ્યમંત્રીશ્રીએ પ્રોટોકોલ તોડીને શાળાનાં બાળકો અને ગ્રામજનો સાથે આત્મીય સંવાદ કર્યો હતો?**

(A) અંબાલી (B) આસોદર (C) કિંખલોદ (D) મુજકુવા

**98) આણંદના અંબાલી ગામની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ કયા ખેડૂતના ગોબર ગૅસપ્લાન્ટની મુલાકાત લઈ માહિતી મેળવી હતી?**

(A) અલ્પેશભાઈ પટેલ (B) શાંતિલાલ પટેલ
(C) વિઠ્ઠલભાઈ પરમાર (D) રતિલાલ પટેલ

**99) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'બૅક ટુ બેઝિક' વિચારને પ્રોત્સાહન આપવા ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામના કયા યુવા ખેડૂતના પ્રાકૃતિક ખેતીના ફાર્મની મુલાકાત લીધી?**

(A) વિઠ્ઠલભાઈ પરમાર (B) અલ્પેશભાઈ પટેલ
(C) શાંતિલાલભાઈ પટેલ (D) મગનભાઈ પટેલ

**100) શિવપુરા-કંપા ખાતે પ્રાકૃતિક ખેતી કરતા કયા પ્રગતિશીલ ખેડૂતના મૉડલ ફાર્મની મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લીધી હતી?**

(A) અલ્પેશભાઈ પટેલ (B) વિઠ્ઠલભાઈ પરમાર
(C) શાંતિલાલભાઈ પટેલ (D) રતિલાલ પટેલ

**101) વિધાન (A): વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ (VGRC) મધ્ય ગુજરાત માટે વડોદરામાં યોજાઈ હતી.**
**કારણ (R): મધ્ય ગુજરાતમાં છોટાઉદેપુરને દેશનું સૌથી મોટું બાયોઇકૉનૉમી હબ બનાવવાનું આયોજન છે.**
**આ બંનેના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો છે?**

(A) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે.
(B) વિધાન (A) સાચું છે, પણ કારણ (R) ખોટું છે (કારણ કે વડોદરાને બાયોઇકૉનૉમી હબ અને છોટાઉદેપુરને સ્પોર્ટ્સ હબ બનાવવાનું આયોજન છે).
(C) વિધાન (A) ખોટું છે, પણ કારણ (R) સાચું છે.
(D) વિધાન (A) અને કારણ (R) બંને ખોટાં છે.

**102) મધ્ય ગુજરાત VGRC માં IBM ઇન્ડિયા અને ઇન્ડિયન AI રિસર્ચ ઓર્ગેનાઇઝેશન કઈ ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે 'સેન્ટર ઑફ એક્સેલન્સ' સ્થાપશે?**

(A) ઔદ્યોગિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (Industrial AI)
(B) ક્વોન્ટમ કમ્પ્યુટિંગ
(C) બ્લોકચેન
(D) ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT)

**103) 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29' નો ઉદ્દેશ્ય ગુજરાતને કયા ક્ષેત્રમાં ગ્લોબલ લીડર બનાવવાનો છે?**

(A) ફાર્માસ્યુટિકલ રિસર્ચ (B) AI અને ડેટા સેન્ટર
(C) ગ્રીન હાઇડ્રોજન (D) ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ

**104) રેશનિંગ દુકાન સંચાલકો માટેના કમિશન વધારામાં કઈ બે યોજનાઓ હેઠળ અનાજ વિતરણનો સમાવેશ થાય છે?**

(A) માત્ર મધ્યાહન ભોજન યોજના
(B) અંત્યોદય અન્ન યોજના (AAY) અને પ્રાયોરિટી હાઉસહોલ્ડ (PHH)
(C) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના માત્ર
(D) માત્ર BPL કાર્ડ ધારકો

(A) માત્ર સાડા ત્રણ મહિનામાં કલેક્ટર કચેરીના ભૂમિપૂજન સાથે રૂ. 207 કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ
(B) રૂ. 500 કરોડના નવા હાઇવેની જાહેરાત
(C) નવી એગ્રીકલ્ચર યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત
(D) સોલાર પાર્કનું લોકાર્પણ

**104) 'સશક્ત નારી મેળો' નું આયોજન કયા ઉદ્દેશથી કરવામાં આવ્યું હતું?**

(A) માત્ર નૃત્ય અને સંગીતની પ્રસ્તુતિ માટે
(B) 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત' ના વિઝનને સાકાર કરવા, મહિલાઓને પગભર બનાવવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા
(C) વિદેશી રોકાણકારોને આકર્ષવા
(D) માત્ર ઔદ્યોગિક નીતિની ચર્ચા માટે

**105) શસ્ત્ર પ્રદર્શન, જે થરાદ ખાતે યોજાયું, તેનો મુખ્ય ઉદ્દેશ શું હતો?**

(A) વિદેશી શસ્ત્રોનું વેચાણ કરવું
(B) “આત્મનિર્ભર ભારત” ના સંદેશને મજબૂત બનાવવો અને નાગરિકોમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગે જાગૃતિ વધારવી
(C) પોલીસ ભરતી મેળાનું આયોજન કરવું
(D) માત્ર સૈનિકોને તાલીમ આપવી

**106) નીચે આપેલા વિધાનો પર વિચાર કરો:**

**107. અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શૉ-2026 માં 33.6 મીટર વ્યાસનું વિશ્વનું સૌથી મોટું ફ્લાવર મંડલા બનાવવામાં આવ્યું.**

**108. આ ફ્લાવર શૉમાં નારી શક્તિને સમર્પિત 15 ફૂટ ઊંચો સ્ટીલ પિરામિડ 'ધ સમિટ ઑફ વિમેન્સ વોઈસીસ' રજૂ કરાયો.**

**આપેલ પૈકી કયું/કયાં વિધાન સાચાં છે?**

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહીં

**107) સોમનાથ સ્વાભિમાન પર્વની શૌર્ય-યાત્રા કયા બે પ્રતીકાત્મક સ્થળો વચ્ચે યોજાઈ હતી?**

(A) ત્રિવેણી સંગમથી ભાલકા તીર્થ
(B) શંખ સર્કલથી હમીરજી સર્કલ
(C) ગીતા મંદિરથી સોમનાથ મંદિર
(D) વેરાવળ રેલવે સ્ટેશનથી શંખ સર્કલ

**108) નીચેની કઈ નૃત્ય કૃતિ અને રાજ્યની જોડી ખોટી છે (જે શૌર્ય-યાત્રામાં રજૂ થઈ હતી)?**

(A) ઘૂમર નૃત્ય - રાજસ્થાન
(B) ગીદ્ધા ડાન્સ - પંજાબ
(C) રૌફ નૃત્ય - હિમાચલ પ્રદેશ
(D) મયુર નૃત્ય - ઉત્તર પ્રદેશ

**109) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-સૌરાષ્ટ્ર-કચ્છ માં કયા સેકટરને પ્રોત્સાહન આપવા માટે 'ફાર્મ ટુ ફેશન' (F-to-F) વિઝન રજૂ કરવામાં આવ્યું?**

(A) ઓટોમોબાઇલ સેક્ટર
(B) સિરામિક સેક્ટર
(C) ટેક્સટાઇલ (ફેબ્રિક ડાઇંગ અને પ્રિન્ટિંગ) સેક્ટર
(D) કેમિકલ સેક્ટર

**110) દીપ ઘીમેલિયાની LD Foods કંપનીની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી અને તે કઈ પ્રોડક્ટ બનાવે છે?**

(A) 2020, ઓર્ગેનિક મસાલા
(B) 2022, પ્રોટીન બાર અને હેલ્થ સપ્લિમેન્ટ
(C) 2023, ડેરી પ્રોડક્ટ્સ
(D) 2024, આયુર્વેદિક જ્યુસ

**111) ગુજરાત સરકારના કયા વિભાગ દ્વારા ભૂકંપ આધારિત વેબ સિરીઝ અને નૃત્યનાટિકા સ્મૃતિવન મેમોરિયલમાં પ્રસ્તુત કરવામાં આવી હતી?**

(A) માહિતી અને પ્રસારણ વિભાગ
(B) પ્રવાસન વિભાગ
(C) GSDMA
(D) સંસ્કૃતિ અને યુવા વિભાગ

**112) "સૌરાષ્ટ્રે સોમનાથં ચ.." આ પંક્તિ કયા સ્તોત્રની છે, જેનો ઉલ્લેખ વડાપ્રધાનશ્રીના લેખમાં કરવામાં આવ્યો છે?**

(A) શિવ તાંડવ સ્તોત્ર
(B) દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્ર
(C) લિંગાષ્ટકમ
(D) રૂદ્રાષ્ટકમ

**113) સોમનાથ મંદિરના શિલ્પકાર કોણ હતા, જેમણે પરંપરાગત ચાલુક્ય શૈલીમાં ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું?**

(A) બાલકૃષ્ણ દોશી
(B) પ્રભાશંકર સોમપુરા
(C) બી. વી. દોશી
(D) રામ વી. સુતાર

**114) BSL-4 લેબ કયા જીવાણુઓ/વાયરસ પર સંશોધન કરવા માટે ઉપયોગી થશે?**

(A) સામાન્ય શરદી અને ફ્લૂના વાયરસ
(B) માત્ર કૃષિ પાકોના પેથોજેન્સ
(C) હાઇ રિસ્ક વાયરસ (જીવલેણ વાયરસ)
(D) પાણીજન્ય બેક્ટેરિયા

**115) ઇન્ડિયા ફાર્મા આર્કાઇવ્સનું લોકાર્પણ કઈ સંસ્થાના 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કરવામાં આવ્યું?**

(A) ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા
(B) ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ
(C) ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઑથોરિટી
(D) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ

**116) ચાંગોદર ખાતે મેટર કંપની દ્વારા નિર્મિત દેશના સૌ પ્રથમ ગિયર્ડ ઇલેક્ટ્રિક મોટર-બાઇક પ્લાન્ટનો શુભારંભ કયા માસમાં થયો હતો? (સરવૈયા મુજબ)**

(A) જાન્યુઆરી
(B) ફેબ્રુઆરી
(C) માર્ચ
(D) એપ્રિલ

**117) 'મિષ્ટી' યોજના હેઠળ મેન્ગ્રોવના વાવેતરમાં કયું રાજ્ય દેશભરમાં અગ્રેસર છે? (સરવૈયા મુજબ)**

(A) પશ્ચિમ બંગાળ
(B) ઓડિશા
(C) ગુજરાત
(D) મહારાષ્ટ્ર

**118) વિધાન (A): ગુજરાતમાં કૃષિ વિષયક વીજ-જોડાણ માટે સહમાલિકની સંમતિ જરૂરી નથી તેવો નિર્ણય લેવાયો છે.**
**કારણ (R): આનાથી ખેડૂતોને વીજ જોડાણ મેળવવાની પ્રક્રિયા સરળ અને ઝડપી બનશે.**
**આ બંનેના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો છે?**

(A) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.
(B) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.
(C) વિધાન (A) સાચું છે, પણ કારણ (R) ખોટું છે.
(D) વિધાન (A) ખોટું છે, પણ કારણ (R) સાચું છે.

**119) નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના દેગામ ખાતે આવેલ વારી કંપનીનો 5.4 ગીગાવૉટ પ્લાન્ટ કયા ઉત્પાદન સાથે સંકળાયેલ છે?**

(A) સોલાર ઇન્વર્ટર
(B) વિન્ડ ટર્બાઇન
(C) સોલાર સેલ
(D) લિથિયમ બેટરી

**120) વિધાન 1: કલેક્ટર કૉન્ફરન્સમાં iORA અને iRCMS ના પડતર કેસોની સમીક્ષા કરવામાં આવી.**
**વિધાન 2: મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાના કર્મયોગીઓને ઑનેસ્ટી, ઇન્ટિગ્રિટી, કૉમ્પિટન્સ અને ઇફેક્ટિવનેસના આધારે કામગીરી કરવા તાકીદ કરી.**
**કયો વિકલ્પ સાચો છે?**

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) 1 અને 2 બંને વિધાનો સાચાં છે
(D) બંને વિધાનો ખોટાં છે

**જવાબ કી — ગુજરાત પાક્ષિક અંક - 3**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-C | 2-B | 3-B | 4-B | 5-C | 6-B | 7-C | 8-B | 9-A | 10-B |
| 11-B | 12-B | 13-D | 14-B | 15-A | 16-B | 17-C | 18-C | 19-B | 20-B |
| 21-B | 22-C | 23-B | 24-C | 25-C | 26-B | 27-C | 28-C | 29-A | 30-C |
| 31-C | 32-B | 33-C | 34-B | 35-C | 36-B | 37-B | 38-B | 39-C | 40-A |
| 41-B | 42-C | 43-C | 44-C | 45-D | 46-B | 47-C | 48-B | 49-C | 50-C |
| 51-B | 52-A | 53-C | 54-B | 55-C | 56-B | 57-B | 58-C | 59-A | 60-C |
| 61-B | 62-C | 63-C | 64-B | 65-C | 66-B | 67-B | 68-C | 69-B | 70-B |
| 71-A | 72-C | 73-C | 74-B | 75-B | 76-B | 77-A | 78-B | 79-A | 80-B |
| 81-A | 82-C | 83-B | 84-C | 85-C | 86-B | 87-B | 88-C | 89-B | 90-D |
| 91-C | 92-D | 93-B | 94-C | 95-C | 96-B | 97-C | 98-D | 99-A | 100-B |
| 101-B | 102-B | 103-A | 104-B | 105-B | 106-C | 107-B | 108-C | 109-C | 110-B |
| 111-C | 112-B | 113-B | 114-C | 115-B | 116-D | 117-C | 118-A | 119-C | 120-C |

**1) વર્ષ 2026 ના જાન્યુઆરી માસમાં ઉજવાયેલ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' કયા ઐતિહાસિક સમયગાળાની યાદમાં ઉજવવામાં આવ્યો?**

(A) સોમનાથ મંદિરના પુનર્નિર્માણને 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે
(B) સોમનાથ પર ગઝનવીના પ્રથમ આક્રમણના 1000 વર્ષ (1026-2026) નિમિત્તે
(C) સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પના 100 વર્ષ નિમિત્તે
(D) બાર જ્યોતિર્લિંગોની સ્થાપનાના 1500 વર્ષ નિમિત્તે

**2) 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત સોમનાથ ખાતે આશરે કેટલા ઋષિકુમારો દ્વારા 72 કલાક સુધી અખંડ ઓમકારનો નાદ ગુંજ્યો હતો?**

(A) 1100 (B) 1500 (C) 2100 (D) 2500

**3) સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે યોજાયેલી 'શૌર્ય-યાત્રા' નું નેતૃત્વ કોણે કર્યું હતું અને તેમાં કેટલા અશ્વસવારો જોડાયા હતા?**

(A) વડાપ્રધાનશ્રીએ પોતે, 51 અશ્વસવારો
(B) કેસરી સાફાધારી અશ્વસવારોએ, 108 અશ્વસવારો
(C) ઋષિકુમારોએ, 72 અશ્વસવારો
(D) આર્મીના જવાનોએ, 150 અશ્વસવારો

**4) 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ની શૌર્ય-યાત્રામાં ભારતની સંસ્કૃતિને દર્શાવતા વિવિધ રાજ્યોના નૃત્યો રજૂ કરાયા. તેમાં 'ગુડુમ બાજા નૃત્ય' કયા રાજ્યનું હતું?**

(A) રાજસ્થાન (B) પંજાબ (C) મધ્યપ્રદેશ (D) મણિપુર

**5) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છનું આયોજન રાજકોટ ખાતે કઈ યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું હતું?**

(A) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
(B) મારવાડી યુનિવર્સિટી
(C) દર્શન યુનિવર્સિટી
(D) આર.કે. યુનિવર્સિટી

**6) રાજકોટમાં આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ દરમિયાન કેટલા રૂપિયાના સમજૂતી કરાર (MoU) સંપન્ન થયા?**

(A) રૂ. 3.57 લાખ કરોડ
(B) રૂ. 4.12 લાખ કરોડ
(C) રૂ. 5.78 લાખ કરોડ
(D) રૂ. 6.50 લાખ કરોડ

**7) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર ખાતે મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત કયા સ્ટેશનેથી મેટ્રો રેલને પ્રસ્થાન કરાવ્યું?**

(A) અક્ષરધામ મેટ્રો સ્ટેશન
(B) મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન
(C) સચિવાલય મેટ્રો સ્ટેશન
(D) મોટેરા મેટ્રો સ્ટેશન

**8) મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત શરૂ થયેલ 7.8 કિ.મી. લંબાઈના રૂટમાં કુલ કેટલા મેટ્રો સ્ટેશનોનો સમાવેશ થાય છે?**

(A) 5 (B) 7 (C) 9 (D) 12

**9) જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝે ભારતની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન ગુજરાતમાં કયા ઐતિહાસિક સ્થળની મુલાકાત લીધી હતી?**

(A) સાબરમતી આશ્રમ અને અડાલજની વાવ
(B) સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાબરમતી આશ્રમ
(C) સોમનાથ મંદિર અને સાબરમતી રિવરફ્રન્ટ
(D) લક્ષ્મી વિલાસ પેલેસ અને અડાલજની વાવ

**10) 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (IKF)–2026' નો શુભારંભ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી કોની ઉપસ્થિતિમાં થયો?**

(A) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ
(B) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝ
(C) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને જાપાનના વડાપ્રધાન
(D) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને યુક્રેનના રાજદૂત

**11) વર્ષ 2026 માં યોજાયેલ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' માં કેટલા દેશોના આંતરરાષ્ટ્રીય પતંગબાજોએ ભાગ લીધો હતો?**

(A) 30 દેશોના 100 પતંગબાજો
(B) 40 દેશોના 120 પતંગબાજો
(C) 50 દેશોના 135 પતંગબાજો
(D) 60 દેશોના 150 પતંગબાજો

**12) 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-2026' માં પતંગબાજોના સ્વાગત માટે યોજાયેલા કાર્યક્રમમાં કયા 108 કલાકારો દ્વારા વિશિષ્ટ સંગીતમય પ્રસ્તુતિ કરવામાં આવી હતી?**

(A) પંજાબ અને હરિયાણાના કલાકારો
(B) ગુજરાત અને રાજસ્થાનના કલાકારો
(C) મહારાષ્ટ્ર અને ગોવાના કલાકારો
(D) કેરળ અને કર્ણાટકના કલાકારો

**13) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 2026 માં આયોજિત 'ઇન્ટરનેશનલ ફ્લાવર શો' ની મુખ્ય થીમ શું હતી?**

(A) ક્લીન અને ગ્રીન ઇન્ડિયા
(B) ભારત એક ગાથા
(C) સ્વદેશી પુષ્પ અને પ્રકૃતિ
(D) ગ્લોબલ વોર્મિંગ અને પુષ્પો

**14) અમદાવાદ ફ્લાવર શૉ-2026 માં કઈ બે કૃતિઓએ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો?**

(A) 33.6 મીટર વ્યાસનું 'ફ્લાવર મંડલા' અને 41.17 મીટર લાંબુ સરદાર પટેલનું પોર્ટ્રેટ
(B) 50 મીટર લાંબો 'પુષ્પ સેતુ' અને 30 મીટર ઊંચો 'ફ્લાવર પિરામિડ'
(C) 40 મીટર વ્યાસનું 'ફ્લાવર મંડલા' અને 35 મીટર લાંબુ મહાત્મા ગાંધીનું પોર્ટ્રેટ
(D) 33.6 મીટર લાંબો 'ફ્લાવર ડ્રેગન' અને 41.17 મીટર ઊંચો ફ્લાવર ટાવર

**15) ફ્લાવર શૉ-2026 માં નારી શક્તિને સમર્પિત કયા સ્ટીલ પિરામિડનું અનાવરણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું?**

(A) ધ પીક ઓફ વુમન પાવર
(B) ધ સમિટ ઑફ વિમેન્સ વોઈસીસ
(C) ધ પિરામિડ ઓફ સ્ત્રી શક્તિ
(D) ધ આયર્ન લેડી ટાવર

**16) નીચેનામાંથી કઈ પ્રોડક્ટને ભારતમાં સૌપ્રથમ વખત ભૌગોલિક સંકેત (GI Tag) આપવામાં આવ્યો હતો અને કયા વર્ષમાં?**

(A) પાટણનાં પટોળાં, વર્ષ 2005
(B) દાર્જિલિંગની ચા, વર્ષ 2004
(C) પોચમપલ્લી ઇકત, વર્ષ 2006
(D) જામનગરની બાંધણી, વર્ષ 2004

**17) ભારતમાં ભૌગોલિક સંકેતો (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999 નો અમલ કયા વર્ષથી શરૂ થયો?**

(A) વર્ષ 1999
(B) વર્ષ 2001
(C) વર્ષ 2003
(D) વર્ષ 2005

**18) GI ટેગ મેળવવા માટે કઈ સંસ્થામાં રજિસ્ટ્રેશન કરાવવું પડે છે, અને તેનું મુખ્યાલય ક્યાં આવેલું છે?**

(A) વાણિજ્ય મંત્રાલય, નવી દિલ્હી
(B) CGPDTM, ચેન્નઈ
(C) WTO કાર્યાલય, મુંબઈ
(D) ઇન્ડિયન પેટન્ટ ઑફિસ, કોલકત્તા

**19) GI ટેગનો સમયગાળો કેટલા વર્ષનો હોય છે, ત્યારબાદ તેને રીન્યૂ કરાવવો પડે છે?**

(A) 5 વર્ષ
(B) 10 વર્ષ
(C) 15 વર્ષ
(D) 20 વર્ષ

**20) સીવીડ (Seaweed) ની ખેતી અંગે પાક્ષિકમાં દર્શાવેલી માહિતી મુજબ, વર્ષ 2023-24 માં કચ્છમાં કેટલા ટન સીવીડની ખેતી કરવામાં આવી હતી?**

(A) 5 ટન
(B) 10 ટન
(C) 14 ટન
(D) 20 ટન

**21) સીવીડની ખેતીથી મહિલા સ્વ-સહાય જૂથોને આશરે કેટલી માસિક આવક પ્રાપ્ત થાય છે?**

(A) રૂ. 5,000 – રૂ. 8,000
(B) રૂ. 12,000 – રૂ. 18,000
(C) રૂ. 20,000 – રૂ. 25,000
(D) રૂ. 30,000 થી વધુ

**22) ગુજરાતમાં જામનગર નજીક આવેલ ખીજડિયા રામસર સ્થળ અંગે કયું વિધાન સાચું નથી?**

(A) તે મીઠા અને ખારા પાણીનો દુર્લભ સંગમ ધરાવે છે.
(B) વર્ષ 2024-25 માં 52,400 થી વધુ પ્રવાસીઓએ તેની મુલાકાત લીધી હતી.
(C) વર્ષ 2024-25 માં અહીં 450 થી વધુ પક્ષી પ્રજાતિઓ નોંધાઈ છે.
(D) તેને વર્ષ 2022 માં આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી જળભૂમિ તરીકે રામસર સ્થળનો દરજ્જો મળ્યો હતો.

**23) કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદમાં કયા પ્રોજેક્ટનું લોકાર્પણ કરાયું, જે પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોની ડ્રેનેજ વ્યવસ્થા માટે મહત્વપૂર્ણ છે?**

(A) ઇસ્ટર્ન ટ્રંક મેઇન લાઇન પ્રોજેક્ટ
(B) વેસ્ટર્ન ટ્રંક મેઇન લાઇન પ્રોજેક્ટ
(C) સાબરમતી રિવરફ્રન્ટ ડ્રેનેજ પ્રોજેક્ટ
(D) ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ

**24) અમદાવાદમાં યોજાયેલ કાર્યક્રમમાં 1973 ની સાબરમતી પૂર દુર્ઘટનાના અસરગ્રસ્તોને 50 વર્ષ બાદ કયા ગામ ખાતે પ્લોટની માલિકી હકની સનદનું વિતરણ કરાયું?**

(A) શીલજ
(B) ગોતા
(C) વણઝર
(D) સાણંદ

**25) સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકાના વસરાઈ ખાતે કયા રાષ્ટ્રીય સ્તરના મેળાનો પ્રારંભ કરાવવામાં આવ્યો?**

(A) રાષ્ટ્રીય કૃષિ અને હસ્તકલા મેળો
(B) રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળો
(C) સરસ મેળો - 2026
(D) ગ્લોબલ ટ્રેડ એક્સ્પો

**26) ક્રીડા ભારતીનું પાંચમું અખિલ ભારતીય અધિવેશન ગુજરાતના કયા શહેરમાં યોજાયું હતું?**

(A) વડોદરા
(B) સુરત
(C) અમદાવાદ
(D) રાજકોટ

**27) ગુજરાતમાં રમત-ગમત સંસ્કૃતિ વિકસાવવા માટે વર્ષ 2010 માં શરૂ થયેલ ખેલ મહાકુંભમાં 2025 માં કેટલા લોકો સહભાગી થયા હતા?**

(A) 16 લાખ
(B) 42 લાખ
(C) 55 લાખ
(D) 72 લાખ

**28) નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના જણાવ્યા મુજબ, ખેલાડીઓને સ્પોર્ટ્સ સંલગ્ન સારવાર માટે વિદેશ ન જવું પડે તે માટે ગુજરાતમાં કઈ સુવિધા વિકસાવવામાં આવી રહી છે?**

(A) નેશનલ સ્પોર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ
(B) સ્પોર્ટ્સ મેડિસિટી
(C) ઓલિમ્પિક હેલ્થ કેર સેન્ટર
(D) સ્પોર્ટ્સ એન્ડ રિહેબિલિટેશન હબ

**29) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સામાન્ય લોકો પ્રેમથી કયા હુલામણા નામે ઓળખે છે?**

(A) મોટાભાઈ
(B) દાદા
(C) બાપુ
(D) કાકા

**30) ડાંગ જિલ્લાના માલેગામમાં આવેલ સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરમાં 142 અંતરિયાળ ગામોનાં 400 થી વધુ બાળકો અભ્યાસ કરે છે. આ નિવાસી શાળાનું સંચાલન કયા ટ્રસ્ટ દ્વારા થાય છે?**

(A) અક્ષયપાત્ર ફાઉન્ડેશન
(B) પ્રયોશા પ્રતિષ્ઠાન
(C) કલ્યાણ ટ્રસ્ટ
(D) વનવાસી કલ્યાણ આશ્રમ

**31) વર્ષ 2026 ના પ્રથમ દિવસે મુખ્યમંત્રીશ્રી દ્વારા માંડલ-બેચરાજી SIR ની કનેક્ટિવિટી સુદૃઢ બનાવવા વીરમગામ, દેત્રોજ અને માંડલ માટે કેટલા કરોડના વિકાસકાર્યોની ભેટ અપાઈ?**

(A) રૂ. 350 કરોડ
(B) રૂ. 497 કરોડ
(C) રૂ. 550 કરોડ
(D) રૂ. 600 કરોડ

**32) વિરમગામ વિસ્તારમાં કયા ફાટક પર રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થવાથી વર્ષોથી ચાલતી ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે?**

(A) હાંસલપુર ફાટક
(B) કોકતા ફાટક
(C) કરકથલ ફાટક
(D) થોરી ફાટક

**33) સુપોષિત ગુજરાત અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે આંગણવાડી કાર્યકરોને શું આપવામાં આવ્યું હતું?**

(A) ન્યુટ્રિશન સ્માર્ટફોન
(B) મિલેટ બાસ્કેટ
(C) પોષણ કિટ
(D) આરોગ્ય ડાયરી

**34) મહેસાણા મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે મુખ્યમંત્રીશ્રીએ કયા નવા પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું, જે ટ્રાફિકનું ભારણ ઓછું કરી નાગરિકોને સુવિધા આપશે?**

(A) MMC ગ્રીન પાર્ક
(B) MMC પ્લાઝાના સ્પેસ મેકિંગ પ્રોજેક્ટ
(C) મહેસાણા અંડરપાસ પ્રોજેક્ટ
(D) સિટી સ્માર્ટ હબ પ્રોજેક્ટ

**35) ભારત-જર્મન સી.ઇ.ઓ. ફોરમમાં સહભાગી થવા ગુજરાતની મુલાકાતે આવેલ જર્મન બિઝનેસ ડેલિગેશનનું નેતૃત્વ કોણે કર્યું હતું?**

(A) રોનાલ્ડ બુશ
(B) સ્ટીફન રૂએન હોફ
(C) ફ્રેડરિક મેર્ઝ
(D) ક્રિસ્ટિયન લિન્ડનર

**36) ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા નવી નિમણૂક પામેલા 3084 ડ્રાઇવર અને 1658 હેલ્પર કક્ષાના ઉમેદવારો માટે કઈ ડ્રાઇવિંગ સ્કૂલનો શુભારંભ કરવામાં આવ્યો?**

(A) સુરક્ષિત સારથિ ડ્રાઇવિંગ સ્કૂલ
(B) જન સારથિ ડ્રાઇવિંગ સ્કૂલ
(C) ગુજરાત મોટર ટ્રેનિંગ સ્કૂલ
(D) એસ.ટી. સ્માર્ટ ડ્રાઇવિંગ ઇન્સ્ટિટ્યૂટ

**37) ગાંધીનગર શહેરમાં કયા રોગચાળાની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજાઈ, જેમાં 1 લાખ 58 હજારથી વધુ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું હતું?**

(A) ડેન્ગ્યુ
(B) મેલેરિયા
(C) ટાઇફૉઇડ
(D) કોલેરા

**38) શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે વડોદરા મહાનગરપાલિકાના રૂ. 957 કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયું. આ સંદર્ભે વડોદરા કયા હબ તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યું છે?**

(A) ઔદ્યોગિક અને IT હબ
(B) ગ્રીન મોબિલિટી અને EV હબ
(C) સોલાર એનર્જી હબ
(D) ટેક્સટાઇલ અને ગાર્મેન્ટ હબ

**39) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિમોચન કરાયેલ વર્ષ 2026 ના સરકારી કેલેન્ડરની થીમ કઈ છે?**

(A) સમૃદ્ધ ગુજરાત, સુરક્ષિત ગુજરાત
(B) આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ – વોકલ ફોર લોકલ
(C) વાઇબ્રન્ટ ગુજરાત, વિકાસનું મોડલ
(D) એક ભારત, શ્રેષ્ઠ ભારત – સાંસ્કૃતિક ધરોહર

**40) સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા અમદાવાદમાં આયોજિત મહાસંમેલનમાં કયા નવનિયુક્ત મંત્રીશ્રીઓનું અભિવાદન કરાયું હતું?**

(A) માત્ર નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી
(B) રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીશ્રીઓ
(C) માત્ર કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા
(D) માત્ર કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ

**41) ગુજરાતની ઔદ્યોગિક નીતિઓ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંગે માર્ગદર્શન મેળવવા કયા દેશના રાજદૂત ડૉ. શંકર પ્રસાદ શર્માએ મુખ્યમંત્રીશ્રીની મુલાકાત લીધી હતી?**

(A) ભૂતાન
(B) શ્રીલંકા
(C) નેપાળ
(D) બાંગ્લાદેશ

**42) સુરત જિલ્લાના બામણિયાની મહુવા સુગર ફેક્ટરીમાં પર્યાવરણ સંરક્ષણના ઉદ્દેશથી કેટલા કરોડના ખર્ચે નિર્મિત આધુનિક બાયોગેસ યુનિટનું લોકાર્પણ કરાયું?**

(A) રૂ. 10 કરોડ
(B) રૂ. 25 કરોડ
(C) રૂ. 50 કરોડ
(D) રૂ. 75 કરોડ

**43) વડોદરાના નવલખી મેદાનમાં વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા આયોજિત કાર્યક્રમનું નામ શું હતું, જેમાં મુખ્યમંત્રીશ્રી જોડાયા હતા?**

(A) વૈષ્ણવ જન સંમેલન
(B) ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ
(C) સનાતન ધર્મ જાગૃતિ મહોત્સવ
(D) ગ્લોબલ યુથ હિન્દુ કોન્ફરન્સ

**44) કેન્સરની પ્રાથમિક તપાસ માટે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ભાવનગર શાખાને કઈ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા 'આશા વાન' ડોનેશન તરીકે પ્રાપ્ત થઈ?**

(A) ઝાયડસ કેડિલા
(B) જેનબર્ક ફાર્માસ્યુટિકલ
(C) ઇન્ટાસ ફાર્માસ્યુટિકલ
(D) સન ફાર્મા

**45) કેન્સર સ્ક્રિનિંગ માટેની 'આશા વાન' કઈ કઈ સુવિધાઓથી સજ્જ છે?**

(A) માત્ર બ્લડ ટેસ્ટિંગ લેબોરેટરી
(B) માત્ર એક્સ-રે મશીન
(C) EVA-Pro ડાયગ્નોસ્ટિક્સ, મેમોગ્રાફી યુનિટ અને નિષ્ણાત ટેલી કન્સલટેશન
(D) CT સ્કેન અને MRI મશીન

**46) કચ્છના સુમરાસર ગામનાં ગીતાબહેન ભાનાણી કઈ હસ્તકલા સાથે જોડાયેલા છે, જેના થકી તેઓ વાર્ષિક રૂ. 40 લાખથી વધુની આવક મેળવી રહ્યા છે?**

(A) રોગાન ચિત્રકળા
(B) સુફ અને ખારેક એમ્બ્રોઇડરી ભરતકલા
(C) મડવર્ક (માટીકામ)
(D) લાકડાનું કોતરકામ

**47) કચ્છમાં કેટલી જેટલી એમ્બ્રોઇડરી ભરતકલા પ્રચલિત છે?**

(A) 5
(B) 8
(C) 12
(D) 15

**48) સુરેન્દ્રનગર જિલ્લો કયા ખનિજના વિપુલ ઉત્પાદન માટે જાણીતો છે, જે તેને 'સોલ્ટ-બેઝ્ડ કેમિકલ હબ' બનાવે છે?**

(A) બોક્સાઇટ
(B) સોડિયમ ક્લોરાઇડ (મીઠું)
(C) જિપ્સમ
(D) લાઇમસ્ટોન

**49) સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ પરંપરાગત હસ્તકલાઓ કાપડ ઉદ્યોગને સંસ્કૃતિ પ્રવાસન સાથે જોડીને વિકાસની નવી દિશાઓ ખોલી શકે છે?**

(A) માત્ર બાંધણી
(B) માત્ર પટોળાં
(C) બાંધણી, સોમાસરનાં પટોળાં અને ટાંગલિયા
(D) રોગાન આર્ટ અને ખારેક એમ્બ્રોઇડરી

**50) જામનગરના ઉદ્યોગકાર શ્રી અલ્પેશ પાઘડા કે જેઓ શ્રમિકમાંથી માલિક બન્યા છે, તેઓ મુખ્યત્વે કયા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે?**

(A) સિરામિક ઉદ્યોગ
(B) ટેક્સટાઇલ ઉદ્યોગ
(C) બ્રાસ ઉદ્યોગ
(D) કેમિકલ ઉદ્યોગ

**51) કેશોદના યુવાન ઉદ્યોગ સાહસિક દીપ ઘીમેલિયાએ MBBS નો અભ્યાસ છોડીને કઈ પ્રોડક્ટનો બિઝનેસ શરૂ કર્યો?**

(A) ઓર્ગેનિક શાકભાજી
(B) પ્રોટીન બાર અને હેલ્થ સપ્લિમેન્ટ
(C) આયુર્વેદિક દવાઓ
(D) ડેરી પ્રોડક્ટ્સ

**52) દીપ ઘીમેલિયાની LD Foods કંપનીને 'આત્મનિર્ભર પૉલિસી ફોર MSME' અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કેટલી આર્થિક સહાય મળી?**

(A) રૂ. 10 લાખ
(B) રૂ. 25 લાખ
(C) રૂ. 50 લાખથી વધુ
(D) રૂ. 1 કરોડ

**53) દીપ ઘીમેલિયાની LD Foods કંપની કેટલા લોકોની રોજગારી પૂરી પાડે છે, અને તેમાં મહિલાઓની ટકાવારી કેટલી છે?**

(A) 50 લોકો, 50% મહિલાઓ
(B) 100 લોકો, 60% મહિલાઓ
(C) 140 લોકો, 70% મહિલાઓ
(D) 200 લોકો, 80% મહિલાઓ

**54) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ માં કેટલી કંપનીઓ અને ઔદ્યોગિક એકમો સાથે સુરેન્દ્રનગરમાં 'ડિસ્ટ્રિક્ટ લેવલ પ્રોગ્રામ' માં રૂ. 834 કરોડના સમજૂતી કરાર થયા?**

(A) 15
(B) 20
(C) 30
(D) 50

**55) ઇન્ડિયન ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ મેન્યુફેક્ચરર ઍસોસિયેશન (IICMA) ના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી ચંદ્રેશ સંખારવાના જણાવ્યા મુજબ, ભારતમાં ઇન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગનું આશરે 95 ટકા ઉત્પાદન ગુજરાતના કયા શહેરમાં થાય છે?**

(A) જામનગર
(B) અમદાવાદ
(C) સુરત
(D) રાજકોટ

**56) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ માં વડાપ્રધાનશ્રી દ્વારા કેટલા નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટની જાહેરાત કરાઈ?**

(A) 5
(B) 9
(C) 13
(D) 15

**57) 13 નવા સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ કયા જિલ્લાઓમાં નિર્માણ પામશે?**

(A) અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર
(B) અમરેલી, ભાવનગર, જામનગર, કચ્છ, મોરબી, રાજકોટ અને સુરેન્દ્રનગર
(C) પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા
(D) ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ

**58) "Kutch & Saurashtra : Anchoring Gujarat's vision" પુસ્તકનું વિમોચન કયા કાર્યક્રમ દરમિયાન કરવામાં આવ્યું?**

(A) ઇન્ટરનેશનલ ફ્લાવર શૉ-2026
(B) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ
(C) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ
(D) સોમનાથ સ્વાભિમાન પર્વ

**59) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જણાવ્યા મુજબ, કચ્છ અને જામનગર કઈ ઊર્જાના ઉત્પાદનનાં મોટાં કેન્દ્રો તરીકે ઊભરી રહ્યાં છે?**

(A) થર્મલ એનર્જી
(B) ગ્રીન હાઇડ્રોજન
(C) બાયોગેસ
(D) ન્યુક્લિયર એનર્જી

**60) કયા શહેરમાં ભારતનું સૌથી મોટું AI-રેડી ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે, તેવી જાહેરાત વાઇબ્રન્ટ સમિટમાં શ્રી મુકેશ અંબાણીએ કરી?**

(A) ગાંધીનગર (B) જામનગર (C) સુરત (D) ધોલેરા

**61) અદાણી ગ્રૂપ દ્વારા આગામી પાંચ વર્ષ દરમિયાન કચ્છના મુન્દ્રા ખાતે કેટલા રૂપિયાનું મૂડી રોકાણ કરવામાં આવશે?**

(A) રૂ. 50 હજાર કરોડ (B) રૂ. 1 લાખ કરોડ
(C) રૂ. 1.50 લાખ કરોડ (D) રૂ. 2 લાખ કરોડ

**62) રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યના કેટલા બાળકોની વાર્ષિક આરોગ્ય ચકાસણી થાય છે, જે અંગે મુખ્યમંત્રીશ્રીએ ટાઇપ-1 ડાયાબિટીસ કાર્યક્રમમાં ઉલ્લેખ કર્યો હતો?**

(A) 50 લાખ (B) 75 લાખ (C) 1 કરોડથી વધુ (D) 2 કરોડથી વધુ

**63) 'સ્વદેશી' લેખમાળા અંતર્ગત આ અંકમાં કઈ પ્રોડક્ટ કે સેવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે?**

(A) હસ્તકલા અને કાપડ ઉદ્યોગ (B) GI ટેગ (ભૌગોલિક સંકેત)
(C) સોલાર રૂફટોપ પેનલ્સ (D) આયુર્વેદિક દવાઓ

**64) સોમનાથ સ્વાભિમાન પર્વના સંદર્ભમાં, સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ કોના સંકલ્પનું પરિણામ છે?**

(A) મહાત્મા ગાંધી (B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(C) સરદાર વલ્લભભાઈ પટેલ (D) સ્વામી વિવેકાનંદ

**65) સોમનાથ મંદિર પર ગઝનવીએ કયા વર્ષમાં વિનાશક આક્રમણ કર્યું હતું?**

(A) ઈ.સ. 1000 (B) ઈ.સ. 1015 (C) ઈ.સ. 1025-26 (D) ઈ.સ. 1192

**66) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા સોમનાથ મંદિરમાં જ્યોતિર્લિંગની પ્રાણ-પ્રતિષ્ઠા કઈ તારીખે કરવામાં આવી હતી?**

(A) 15 ઓગસ્ટ 1947 (B) 26 જાન્યુઆરી 1950
(C) 11 મે 1951 (D) 1 નવેમ્બર 1956

**67) "નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ" આ ગીતાનો શ્લોક કયા પર્વના સંદર્ભમાં વડાપ્રધાનશ્રી દ્વારા યાદ કરવામાં આવ્યો હતો?**

(A) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (B) પ્રજાસત્તાક દિવસ
(C) સોમનાથ સ્વાભિમાન પર્વ (D) વીર બાળ દિવસ

**68) વાઇબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી, જેનો ઉલ્લેખ વડાપ્રધાનશ્રીએ કર્યો?**

(A) વર્ષ 2001 (B) વર્ષ 2003 (C) વર્ષ 2005 (D) વર્ષ 2007

**69) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના જણાવ્યા મુજબ 2024 ની વાઇબ્રન્ટ સમિટમાં કેટલા MoU સૌરાષ્ટ્ર-કચ્છના હતા?**

(A) 10,000 (B) 15,500 (C) 25,500 (D) 35,000

**70) ગુજરાત સરકાર દ્વારા જિલ્લાઓના વિકાસને નવી દિશા આપવા માટે રાજ્યમાં કેટલા 'રિજનલ ગ્રોથ હબ' વિકસાવાઈ રહ્યા છે?**

(A) 4 (B) 5 (C) 6 (D) 8

**71) નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના જણાવ્યા મુજબ, એક સમયે ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાત કયા બે શહેરો વચ્ચે સીમિત ગણાતું હતું?**

(A) અમદાવાદથી સુરત (B) વાપીથી તાપી
(C) કચ્છથી સૌરાષ્ટ્ર (D) ભરૂચથી દહેજ

**72) ગુજરાતના કયા શહેરમાં 2036 માં ઓલિમ્પિક લાવવાના વિઝનને ટેકો આપવા વીર સાવરકર મલ્ટી-સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું સંચાલન રિલાયન્સ સંભાળશે?**

(A) નારણપુરા, અમદાવાદ (B) અડાજણ, સુરત
(C) માંજલપુર, વડોદરા (D) રેસકોર્સ, રાજકોટ

**73) નીચેનામાંથી કઈ કંપની જામનગરમાં 10 હજાર કરોડનું રોકાણ કરીને વિશ્વની સૌથી મોટી પાઇપ પ્લાન્ટ સ્થાપશે?**

(A) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (B) વેલસ્પન
(C) અદાણી ગ્રૂપ (D) એસ્સાર ગ્રૂપ

**74) ભારત દ્વારા રવાંડાને ભેટમાં આપવામાં આવેલી કઈ ગાયોએ ત્યાંની ગ્રામીણ અર્થવ્યવસ્થાને મોટી તાકાત આપી છે, જેનો ઉલ્લેખ વડાપ્રધાનશ્રીએ કર્યો?**

(A) કાંકરેજી ગાયો (B) જર્સી ગાયો (C) ગીર ગાયો (D) ડાંગી ગાયો

**75) વડાપ્રધાનશ્રીના જણાવ્યા અનુસાર, ભારત વિશ્વનો કેટલામો સૌથી મોટો મોબાઇલ મેન્યુફેક્ચરર દેશ છે?**

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) પાંચમો

**76) ભારત વિશ્વમાં કયા ક્ષેત્રે પ્રથમ સ્થાને હોવાનો ઉલ્લેખ વડાપ્રધાનશ્રીએ વાઇબ્રન્ટ સમિટમાં કર્યો હતો?**

(A) સોલાર પાવર
(B) સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ
(C) દૂધ ઉત્પાદન (શ્વેતક્રાંતિ) અને જેનરિક દવાઓ
(D) મેટ્રો નેટવર્ક

**77) દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન ફેસિલિટી ગુજરાતમાં ક્યાં તૈયાર થઈ રહી છે?**

(A) સાણંદ
(B) ગિફ્ટ સિટી
(C) ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન
(D) હાલોલ GIDC

**78) નીચે આપેલ જોડકાં ધ્યાનમાં લો:**

**1. G-SAAR પોર્ટલ - સરકારી દસ્તાવેજોનું AI રિપોઝિટરી**
**2. શૌર્ય-યાત્રા - 108 અશ્વસવારો**
**3. ગીતાબહેન ભાનાણી - સુફ અને ખારેક એમ્બ્રોઇડરી**
**આપેલ પૈકી કયું/કયાં જોડકાં સાચાં છે?**

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3 તમામ

**79) ગુજરાતમાં કયા બે માસ દરમિયાન ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો જૂની શરતની ગણાશે તેવો નિર્ણય લેવાયો?**

(A) ફેબ્રુઆરી 2025 (B) એપ્રિલ 2025 (C) મે 2025 (D) જૂન 2025

**80) 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત કઈ સમિતિની રચના કરવામાં આવી છે?**

(A) વર્કિંગ કમિટી
(B) સ્ટીયરિંગ કમિટી
(C) મોનિટરિંગ કમિટી
(D) એક્ઝિક્યુટિવ કમિટી

**81) વિધાન 1: ક્રીડા ભારતીનું પાંચમું અખિલ ભારતીય અધિવેશન અમદાવાદમાં યોજાયું.**
**વિધાન 2: આ અધિવેશન દરમિયાન મુખ્યમંત્રીશ્રી દ્વારા 'ક્રીડા જ્યોત' સ્મરણિકાનું વિમોચન કરાયું.**

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) બંને વિધાનો સાચાં છે
(D) બંને વિધાનો ખોટાં છે

**82) નીચે આપેલ વિધાનો તપાસો:**

**1. 'આશા વાન' એ મેમોગ્રાફી યુનિટ અને નિષ્ણાત ટેલી કન્સલટેશન ધરાવે છે.**
**2. આ વાન ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ભાવનગર શાખાને મળી છે.**

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) 1 અને 2 બંને વિધાનો સાચાં છે
(D) બંને વિધાનો ખોટાં છે

**83) નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો:**

| | |
|---|---|
| **a. ગીતાબહેન ભાનાણી** | **1. સુફ અને ખારેક એમ્બ્રોઇડરી** |
| **b. અલ્પેશ પાઘડા** | **2. બ્રાસ ઉદ્યોગ** |
| **c. દીપ ઘીમેલિયા** | **3. પ્રોટીન બાર અને હેલ્થ સપ્લિમેન્ટ** |

(A) a-1, b-2, c-3 (B) a-2, b-1, c-3 (C) a-3, b-2, c-1 (D) a-1, b-3, c-2

**84) ગિફ્ટ સિટીમાં કઈ બે ઇન્ટરનેશનલ સમિટ્સ અને સેન્ટર્સની સ્થાપના અંગેનો ઉલ્લેખ પાક્ષિકના સરવૈયામાં છે?**

(A) બિમસ્ટેક યુથ સમિટ અને AI સેન્ટર ઑફ એક્સલન્સ
(B) G20 સમિટ અને રોબોટિક્સ સેન્ટર
(C) વર્લ્ડ ઇકોનોમિક ફોરમ અને ડેટા સેન્ટર
(D) ગ્લોબલ ક્લાઈમેટ સમિટ અને ગ્રીન એનર્જી સેન્ટર

**85) વિધાન (A): ગુજરાતમાં 108 ઇમર્જન્સી સેવા 24x7 વિનામૂલ્યે ઉપલબ્ધ છે.**
**કારણ (R): શરૂઆતથી નવેમ્બર 2025 સુધીમાં 1.86 કરોડથી વધુ કૉલ એટેન્ડ કરાયા છે.**
**આ બંનેના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો છે?**

(A) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.
(B) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.
(C) વિધાન (A) સાચું છે, પણ કારણ (R) ખોટું છે.
(D) વિધાન (A) ખોટું છે, પણ કારણ (R) સાચું છે.

**86) 'ભારતકૂલ અધ્યાય-2' માં કયા ત્રણ શબ્દોને કાર્યક્રમનો મુખ્ય વિષય બનાવાયો હતો?**

(A) જ્ઞાન, કર્મ, ભક્તિ
(B) ભાવ, રાગ, તાલ
(C) આસ્થા, સંસ્કૃતિ, પરંપરા
(D) સત્ય, શિવ, સુંદર

**87) ખેડૂતો માટે ટેકાના ભાવે ખરીદી સંદર્ભે રાજ્ય સરકારે 114 તાલુકાના 317 કેન્દ્રો મારફત કયા પાકોની ખરીદી કરી?**

(A) ઘઉં, ડાંગર, ચણા, મકાઈ
(B) મગફળી, મગ, અડદ, સોયાબીન
(C) કપાસ, એરંડા, જીરું, તલ
(D) બાજરી, જુવાર, તુવેર, રાયડો

**88) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ માં કયા બે દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા હતા?**

(A) જર્મની અને ફ્રાન્સ
(B) રવાંડા અને યુક્રેન
(C) જાપાન અને દક્ષિણ કોરિયા
(D) અમેરિકા અને યુ.કે.

**89) દીપ ઘીમેલિયાની LD Foods કંપનીની પ્રોડક્ટ્સ કઈ જાણીતી શૈક્ષણિક સંસ્થાની કેન્ટીનમાં જોવા મળે છે?**

(A) IIM
(B) NID
(C) IIT
(D) CEPT

**90) LD Foods ની પ્રોડક્ટ્સ કઈ આંતરરાષ્ટ્રીય / રાષ્ટ્રીય માન્યતાઓ (Certifications) ધરાવે છે?**

(A) માત્ર FSSAI
(B) માત્ર ISO 9001
(C) USFDA, FSSC 22000, HALAL
(D) WHO, GMP, Agmark

**91) નીચેનામાંથી કઈ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ષ 2025-26 ના બજેટ અન્વયે નવેમ્બર 2025 સુધીમાં થયેલા ખર્ચની સમીક્ષા કરી?**

(A) ગવર્નિંગ કાઉન્સિલની બેઠક
(B) ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક, ગાંધીનગર
(C) નીતિ આયોગની બેઠક
(D) પ્રાદેશિક સમિતિની બેઠક

**92) વીર બાળ દિવસ નિમિત્તે વડોદરાના કયા ગુરુદ્વારામાં યોજાયેલા સત્સંગમાં મુખ્યમંત્રીશ્રી સહભાગી થયા હતા?**

(A) ગુરુદ્વારા ગોવિંદ ધામ
(B) નાનકવાડી ગુરુદ્વારા
(C) ગુરુદ્વારા સિંહ સભા
(D) ગુરુદ્વારા શહીદ બાગ

**93) અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શૉ-2026 માં સતત કેટલામા વર્ષે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવીને હેટ્રિક કરવામાં આવી?**

(A) બીજા
(B) ત્રીજા
(C) ચોથા
(D) પાંચમા

**94) ફ્લાવર શૉ-2026 માં પુષ્પોથી કંડારાયેલા સરદાર વલ્લભભાઈ પટેલના પોર્ટ્રેટની લંબાઈ કેટલી હતી?**

(A) 33.6 મીટર
(B) 41.17 મીટર
(C) 50.5 મીટર
(D) 60.2 મીટર

**95) ફ્લાવર શૉ-2026 માં 'ધ સમિટ ઑફ વિમેન્સ વોઈસીસ' સ્ટીલ પિરામિડની ઊંચાઈ કેટલી હતી?**

(A) 10 ફૂટ
(B) 15 ફૂટ
(C) 20 ફૂટ
(D) 25 ફૂટ

**96) નીચે આપેલ વિધાનો તપાસો:**
**104. GI ટેગ 10 વર્ષ માટે આપવામાં આવે છે.**
**105. ભારતમાં સૌપ્રથમ પોચમપલ્લી ઇકતને GI ટેગ મળ્યો હતો.**

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) 1 અને 2 બંને વિધાનો સાચાં છે
(D) બંને વિધાનો ખોટાં છે

**97) સોમનાથ મંદિરનું પુનર્નિર્માણ થયા બાદ 11 મે 1951 ના રોજ કયા મહાનુભાવની ઉપસ્થિતિમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી?**

(A) પંડિત જવાહરલાલ નેહરુ
(B) સરદાર વલ્લભભાઈ પટેલ
(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(D) કે. એમ. મુનશી

**98) સોમનાથના પુનર્નિર્માણમાં કોના પ્રયાસો અત્યંત મહત્વના હતા, જેમણે "સોમનાથ: ધ શ્રાઇન એટર્નલ" પુસ્તક પણ લખ્યું છે?**

(A) સરદાર વલ્લભભાઈ પટેલ
(B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(C) કે. એમ. મુનશી
(D) સ્વામી વિવેકાનંદ

**99) 'સોમનાથ સ્વાભિમાન પર્વ' દરમિયાન કયા સ્થળેથી સુરત અને વેરાવળની સ્પેશિયલ ટ્રેનને ફ્લેગઓફ કરી પ્રસ્થાન કરાવાયું હતું?**

(A) અમદાવાદ
(B) રાજકોટ
(C) સુરત
(D) વેરાવળ

**100) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ ખાતે શૌર્યયાત્રાનો પ્રારંભ કયા સ્થળેથી કરાવ્યો હતો?**

(A) હમીરજી સર્કલ
(B) શંખ સર્કલ
(C) ગીતા મંદિર
(D) ત્રિવેણી સંગમ

**101) વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ માં કયા દેશના રાજદૂત શ્રી ઓલેકઝાન્ડર પોલિસચુકે ભાગ લીધો હતો?**

(A) જર્મની
(B) ફ્રાન્સ
(C) રવાંડા
(D) યુક્રેન

**102) રવાંડાના હાઈ કમિશનર શ્રી જેકલીન મુકાનગીરાએ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ભારત રવાંડામાં કેટલામા ક્રમનો વિદેશી રોકાણકાર દેશ છે?**

(A) પ્રથમ
(B) દ્વિતીય
(C) તૃતીય
(D) ચતુર્થ

**103) 'ખીજડિયા પક્ષી અભયારણ્ય' કયા જિલ્લામાં આવેલું છે?**

(A) પોરબંદર
(B) દેવભૂમિ દ્વારકા
(C) જામનગર
(D) કચ્છ

**104) વર્ષ 2022 માં ગુજરાતના કયા પક્ષી અભયારણ્યને રામસર સ્થળનો દરજ્જો પ્રાપ્ત થયો હતો?**

(A) નળ સરોવર
(B) થોળ
(C) ખીજડિયા
(D) પોરબંદર

**105) ગુજરાતમાં કઈ તારીખે 'વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસ' ની ઉજવણી થાય છે, જેનો ઉલ્લેખ પાક્ષિકમાં કરાયો છે?**

(A) 14 ડિસેમ્બર
(B) 21 જૂન
(C) 5 જૂન
(D) 16 સપ્ટેમ્બર

**106) પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ અત્યાર સુધીમાં ગુજરાતમાં 4.96 લાખ રૂફટોપ સોલર સિસ્ટમ્સ સ્થપાઈ છે, જેની કુલ ક્ષમતા કેટલી મેગાવૉટ છે?**

(A) 1000 મેગાવૉટ
(B) 1500 મેગાવૉટ
(C) 1886 મેગાવૉટ
(D) 2500 મેગાવૉટ

**107) જાન્યુઆરી-2026 માસમાં પ્રકાશિત અહેવાલ મુજબ, નીચેનામાંથી કઈ યોજના 680 થી વધુ સરકારી યોજનાઓ એક ક્લિકમાં પૂરી પાડે છે?**

(A) ડીજી લોકર
(B) મારી યોજના પોર્ટલ
(C) સીએમ ડેશબોર્ડ
(D) ઇ-ગ્રામ વિશ્વગ્રામ

**108) ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પૉલિસી (GCC Policy) 2025-30 ક્યારે લોન્ચ કરવામાં આવી?**

(A) જાન્યુઆરી 2025
(B) ફેબ્રુઆરી 2025
(C) માર્ચ 2025
(D) એપ્રિલ 2025

**109) કલોલ ખાતે ઇફ્કોના માતૃ એકમ સંકુલની સુવર્ણ જયંતી કયા મહિનામાં ઉજવવામાં આવી?**

(A) જાન્યુઆરી
(B) માર્ચ
(C) એપ્રિલ
(D) મે

**110) થેલેસેમિયા નાબૂદી માટે ગુજરાતને રોલમોડલ ગણાવવામાં આવ્યું છે, જેમાં કેટલા લાખથી વધુ લોકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા છે?**

(A) 5 લાખ
(B) 10.50 લાખ
(C) 15.50 લાખ
(D) 20 લાખ

**111) પીએમ એવૉર્ડ ફોર એક્સેલન્સ પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન 2024 રાજકોટ જિલ્લાને કઈ કેટેગરીમાં મળ્યો?**

(A) ડીજીટલ ગવર્નન્સ
(B) ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ
(C) હોલિસ્ટિક ડેવલપમેન્ટ કૅટેગરી
(D) વુમન એમ્પાવરમેન્ટ

**112) વિધાન (A): ગુજરાત સરકારે ઇલેક્ટ્રિક વાહનો પરનો ઉચ્ચક વાહનવેરો ઘટાડીને 1 ટકો કર્યો છે.**
**કારણ (R): આ નિર્ણયનો હેતુ પર્યાવરણ અનુકૂળ વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.**
**આ બંનેના સંદર્ભમાં કયો વિકલ્પ સાચો છે?**

(A) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.
(B) વિધાન (A) અને કારણ (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.
(C) વિધાન (A) સાચું છે, પણ કારણ (R) ખોટું છે.
(D) વિધાન (A) ખોટું છે, પણ કારણ (R) સાચું છે.

| જવાબ કી — ગુજરાત પાક્ષિક અંક - ૨ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-B | 2-D | 3-B | 4-C | 5-B | 6-C | 7-B | 8-B | 9-A | 10-B |
| 11-C | 12-B | 13-B | 14-A | 15-B | 16-B | 17-C | 18-B | 19-B | 20-C |
| 21-B | 22-C | 23-B | 24-C | 25-B | 26-C | 27-D | 28-B | 29-B | 30-B |
| 31-B | 32-B | 33-B | 34-B | 35-B | 36-B | 37-C | 38-B | 39-B | 40-B |
| 41-C | 42-B | 43-B | 44-B | 45-C | 46-B | 47-C | 48-B | 49-C | 50-C |
| 51-B | 52-C | 53-C | 54-C | 55-D | 56-C | 57-B | 58-C | 59-B | 60-B |
| 61-C | 62-C | 63-B | 64-C | 65-C | 66-C | 67-C | 68-B | 69-C | 70-C |
| 71-B | 72-A | 73-B | 74-C | 75-B | 76-C | 77-C | 78-D | 79-B | 80-B |
| 81-C | 82-C | 83-A | 84-A | 85-B | 86-B | 87-B | 88-B | 89-C | 90-C |
| 91-B | 92-B | 93-B | 94-B | 95-B | 96-A | 97-C | 98-C | 99-C | 100-B |
| 101-D | 102-B | 103-C | 104-C | 105-A | 106-C | 107-B | 108-B | 109-C | 110-C |
| 111-C | 112-A | | | | | | | | |

**1) ગુજરાત સરકારે સુશાસન દિવસ નિમિત્તે 24,000 થી વધુ સરકારી દસ્તાવેજો, કાયદાઓ અને પરિપત્રોને AI રિપોઝિટરીમાં રૂપાંતરિત કરી એક જ સ્થળ પર ઉપલબ્ધ કરાવવા માટે કયું પોર્ટલ લૉન્ચ કર્યું છે?**

(A) સીએમ ડેશબોર્ડ 2.0 પોર્ટલ
(B) જી-સાર પોર્ટલ
(C) ગુજરાત ડિજિટલ રિપોઝિટરી પોર્ટલ
(D) ઇ-ધરા 2.0 પોર્ટલ

**2) પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની 101મી જન્મજયંતી અને સુશાસન દિવસ નિમિત્તે ગાંધીનગરમાં કયા સર્કલ પર તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું?**

(A) ઘ-5 સર્કલ
(B) ચ-3 સર્કલ
(C) ખ-5 સર્કલ
(D) ગ-3 સર્કલ

**3) ગુજરાત ઇન્ટિગ્રેટેડ રિન્યૂએબલ એનર્જી પૉલિસી–2025 ના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન અયોગ્ય છે?**

(A) આ પૉલિસીનો મુખ્ય આધારસ્તંભ લિથિયમ-આયન બેટરી આધારિત વાહનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે
(B) આ પૉલિસી 2030 સુધીમાં ભારતના 500 ગીગાવૉટ નોન-ફોસિલ ઈંધણ ક્ષમતાના લક્ષ્યાંકને સમર્થન આપે છે
(C) બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) સ્થાપવા માટે GEDA સ્ટેટ નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે
(D) આ પૉલિસી મોડલ ગ્રીડ સ્થિરતા અને નવીન ટેક્નોલૉજીને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે

**4) રિયલ ટાઇમ પર્ફોર્મન્સ મેઝરમેન્ટ સિસ્ટમ 2.0 (RTPMS 2.0) મુખ્યત્વે કયા અધિકારીઓ અને સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન અને રેન્કિંગ કરવા માટે લૉન્ચ કરવામાં આવી છે?**

(A) માત્ર રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક
(B) 17 મહાનગરપાલિકાઓ, 6 પ્રાદેશિક કમિશનરો, કલેક્ટર અને ડીડીઓ
(C) રાજ્યની તમામ 152 નગરપાલિકાઓ અને 8 મહાનગરપાલિકાઓ
(D) રાજ્યના શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ

**5) સ્વાગત 2.0 પોર્ટલ અંગે નીચેનામાંથી કયું વિધાન સ્પષ્ટપણે સાચું છે?**

(A) તે માત્ર શિક્ષણ વિભાગની ફરિયાદોના નિકાલ માટે જ કામ કરે છે
(B) તેમાં AI ઇન્ટિગ્રેશન, ઓટો-એસ્કેલેશન અને રિયલ-ટાઇમ મૉનિટરિંગની સુવિધા છે
(C) આ પોર્ટલ મારફતે માત્ર ગ્રામ્ય કક્ષાની જ ફરિયાદો સ્વીકારવામાં આવશે
(D) તે માત્ર પેન્શનરોના હયાતી પ્રમાણપત્રની ખરાઈ કરવા પૂરતું સીમિત છે

**6) વડાપ્રધાનના મન કી બાત કાર્યક્રમમાં ઉલ્લેખિત 'ઑપરેશન સિંદૂર' કઈ બાબત સાથે સંકળાયેલ છે?**

(A) નક્સલવાદ વિરોધી આંતરિક સુરક્ષા અભિયાન
(B) મહિલા સશક્તીકરણ માટેની નવી યોજના
(C) આપત્તિ વ્યવસ્થાપન માટે કરાયેલ તાજેતરની મોકડ્રિલ
(D) ગુજરાત પોલીસ દ્વારા ચલાવાયેલ સાયબર સુરક્ષા અભિયાન

**7) નાગરિકતા સંશોધન કાયદા (CAA) અંતર્ગત અમદાવાદમાં આયોજિત કેમ્પમાં નીચેનામાંથી કયા દેશમાંથી આવેલા શરણાર્થીઓને નાગરિકતા મળી હોવાનો મુખ્ય ઉલ્લેખ છે?**

(A) અફઘાનિસ્તાન
(B) બાંગ્લાદેશ
(C) પાકિસ્તાન
(D) મ્યાનમાર

**8) ગુજરાત સરકારે કૃષિ રાહત પેકેજમાં ઓનલાઇન બિલો તૈયાર કરી કેટલા ખેડૂતોને 5330 કરોડની ડીબીટી સહાય ચૂકવી?**

(A) 10 લાખ ખેડૂતો
(B) 15.50 લાખ ખેડૂતો
(C) 17.92 લાખ ખેડૂતો
(D) 23.18 લાખ ખેડૂતો

**9) શહેરી વિકાસ વર્ષ 2025 માં 9 નવી મહાનગરપાલિકાઓની જાહેરાત સાથે તેમને 40-40 કરોડ ફાળવાયા. કયો વિકલ્પ સાચો છે?**

(A) માત્ર વિધાન 1 સાચું છે
(B) માત્ર વિધાન 2 સાચું છે
(C) 1 અને 2 બંને વિધાનો સાચાં છે
(D) બંને વિધાનો ખોટાં છે

**10) મિષ્ટી (MISHTI) યોજના મુખ્યત્વે કયા પર્યાવરણીય સંસાધનના સંરક્ષણ અને વાવેતર સાથે સંકળાયેલી છે?**

(A) જળ પ્લાવિત વિસ્તારો (વેટલેન્ડ્સ)
(B) મેન્ગ્રોવ (કરમદીનાં જંગલો)
(C) ઔષધીય વનસ્પતિ
(D) રણ વિસ્તારનું વૃક્ષારોપણ

**11) ગુજરાતમાં 108 ઇમર્જન્સી સેવાના આંકડાકીય અહેવાલ મુજબ, શરૂઆતથી નવેમ્બર-2025 સુધીમાં કેટલી સગર્ભા મહિલાઓની ઍમ્બ્યુલન્સમાં અને સ્થળ પર સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે?**

(A) 22.55 લાખથી વધુ
(B) 17.40 લાખથી વધુ
(C) 1.57 લાખથી વધુ
(D) 3.47 લાખથી વધુ

**12) ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રથમ દીક્ષાંત સમારોહમાં કયા દિવસે 'વિશ્વ ધ્યાન દિવસ' ની ઉજવણીનો ઉલ્લેખ કરાયો?**

(A) આ દીક્ષાંત સમારોહ દરમિયાન જ 'વિશ્વ ધ્યાન દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી
(B) 21મી જૂન
(C) 25મી ડિસેમ્બર
(D) 1લી જાન્યુઆરી

**13) કઈ સરકારી યોજના હેઠળ રાજ્યના ફિક્સ પેના કર્મચારીઓ, ઑલ ઇન્ડિયા સર્વિસિસ (AIS) ના અધિકારીઓ અને પેન્શનરોને "G" સિરીઝનું AB-PMJAY-MA કાર્ડ આપીને કેશલેસ તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે?**

(A) મુખ્યમંત્રી અમૃતમ્ વાત્સલ્ય યોજના
(B) ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના
(C) સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના
(D) પ્રધાનમંત્રી જન આરોગ્ય પેન્શનર યોજના

**14) સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અંગેનું કયું તથ્ય પાક્ષિકમાં દર્શાવેલ માહિતી મુજબ સાચું નથી?**

(A) આ યોજના હેઠળ 14 મહત્વપૂર્ણ ક્ષેત્રોના લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે
(B) આ યોજના 4.12 કરોડથી વધુ નાગરિકોને વીમા કવચ પૂરું પાડે છે
(C) લાભાર્થીઓને ન્યૂનતમ 2 લાખથી મહત્તમ 15 લાખ સુધીનું વીમા કવચ મળે છે
(D) છેલ્લા પાંચ વર્ષમાં આ યોજના હેઠળ 1200 કરોડ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું છે

**15) શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં નીચેનામાંથી કઈ સર્જરી/સારવારનો લાભ સૌથી વધુ બાળકોને મળ્યો છે?**

(A) ક્લેફ્ટ લીપ પેલેટની સર્જરી
(B) હૃદય સંબંધિત સર્જરી અને સારવાર
(C) કીડની સારવાર અને ટ્રાન્સપ્લાન્ટ
(D) કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી

**16) મહેસૂલી સુધારાઓ અંતર્ગત જમીન ફાળવણીને લગતી અરજીઓના ઝડપી નિકાલ માટે કયા પોર્ટલ મારફતે 17.9 લાખથી વધુ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી છે?**

(A) ગરવી 2.0 પોર્ટલ
(B) આઇ-ઓઆરએ (iORA) પોર્ટલ
(C) સીએમ ડેશબોર્ડ પોર્ટલ
(D) સ્વામિત્વ પોર્ટલ

**17) દસ્તાવેજ નોંધણી પ્રક્રિયાને ઓનલાઇન અને ફેસલેસ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કયા પોર્ટલનું રાજ્યવ્યાપી અમલીકરણ કરવામાં આવ્યું છે?**

(A) આઇ-ઓઆરએ 2.0
(B) ઇ-ધરા 3.0
(C) ગરવી 2.0
(D) સ્વાગત 2.0

**18) સ્વામિત્વ યોજના અંતર્ગત નાગરિકોને ડિજિટલ સહી અને QR કોડવાળી પ્રોપર્ટી કાર્ડની નકલ ઓનલાઇન ઘરે બેઠા કઈ સિસ્ટમથી પ્રમાણિત કરીને મળે છે?**

(A) ઇ-સ્ટેમ્પિંગ દ્વારા
(B) ઇ-સીલ દ્વારા
(C) ઇ-પ્રમાણ દ્વારા
(D) ઇ-હસ્તાક્ષર દ્વારા

**19) ભારત સરકારની 'લખપતિ દીદી' યોજના અંતર્ગત ડિસેમ્બર 2025 સુધીમાં ગુજરાતમાં કેટલી મહિલાઓની આવક એક લાખથી વધુ થઈ ગઈ છે?**

(A) 3.47 લાખ મહિલાઓ
(B) 4.75 લાખ મહિલાઓ
(C) 5.96 લાખ મહિલાઓ
(D) 7.42 લાખ મહિલાઓ

**20) કુંવરબાઈનું મામેરું યોજનાની પાત્રતા અને સહાય અંગેનું કયું વિધાન સાચું છે?**

(A) આ યોજના હેઠળ 15,000 રૂપિયાની સહાય અપાય છે અને આવકમર્યાદા 3 લાખ રૂપિયા છે
(B) આ યોજના હેઠળ 12,000 રૂપિયાની સહાય અપાય છે અને આવકમર્યાદા 6 લાખ રૂપિયા છે
(C) આ યોજના હેઠળ 10,000 રૂપિયાની સહાય અપાય છે અને શહેરી વિસ્તાર માટે કોઈ આવકમર્યાદા નથી
(D) આ યોજના હેઠળ પુન:લગ્નના કિસ્સામાં સહાય મળવાપાત્ર નથી

**21) ગોબરધન યોજના હેઠળ 2 ઘન મીટર ક્ષમતાવાળા બાયોગેસ પ્લાન્ટ તૈયાર કરવા માટે કુલ 42 હજારનો ખર્ચ થાય છે. તેમાં લાભાર્થીનો અંગત ફાળો કેટલો હોય છે?**

(A) 5 હજાર રૂપિયા
(B) 12 હજાર રૂપિયા
(C) 15 હજાર રૂપિયા
(D) 25 હજાર રૂપિયા

**22) પશુપાલન ક્ષેત્રે ક્રાંતિકારી ટેક્નોલોજી "સેક્સ સોર્ટેડ સીમેન" પદ્ધતિથી કૃત્રિમ બીજદાન કરવાથી પશુઓમાં કેટલા ટકા માદા બચ્ચાં જન્મવાની સંભાવના રહે છે?**

(A) 60 થી 70 ટકા (B) 75 થી 80 ટકા (C) 85 થી 90 ટકા (D) 95 થી 99 ટકા

**23) રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ ગુજરાતમાં સેક્સ સોર્ટેડ સીમેન ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે કયા સ્થળે 47.50 કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે?**

(A) આણંદ કૃષિ યુનિવર્સિટી
(B) ફ્રોઝન સીમેન સ્ટેશન – પાટણ
(C) પશુ સંશોધન કેન્દ્ર – દાંતીવાડા
(D) ડેરી સંશોધન કેન્દ્ર – કામધેનુ યુનિવર્સિટી

**24) સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા સુશાસનના સાત સિદ્ધાંતો વર્ણવવામાં આવ્યા છે. પાક્ષિક મુજબ નીચેનામાંથી કયો સિદ્ધાંત તેમાં સામેલ નથી?**

(A) કાયદાનું અનુશાસન
(B) પારદર્શિતા અને જવાબદારી
(C) આર્થિક એકાધિકારવાદ
(D) સમાનતા અને સમાવિષ્ટતા

**25) નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાના પરિણામ સંદર્ભે કયું વિધાન સચોટ છે?**

(A) નમો લક્ષ્મી યોજનાથી ડ્રોપઆઉટ રેટ 37% વધી ગયો છે
(B) નમો લક્ષ્મી યોજનાથી વિદ્યાર્થિનીઓની હાજરીમાં 73% નો વધારો થયો છે
(C) નમો સરસ્વતી યોજનાથી વિજ્ઞાન પ્રવાહના નામાંકનમાં 13.59% નો ઘટાડો થયો છે
(D) આ યોજનાઓ હેઠળ 10 લાખ વિદ્યાર્થીઓને 500 કરોડની સહાય અપાઈ છે

**26) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના મુખ્યત્વે કયા અભ્યાસ માટે આર્થિક સહાય પૂરી પાડે છે?**

(A) મેડિકલ શિક્ષણ માટે
(B) એન્જિનિયરિંગ શિક્ષણ માટે
(C) આર્ટ્સ અને કોમર્સ શિક્ષણ માટે
(D) પ્રાથમિક શાળાના શિક્ષણ માટે

**27) વર્ષ 2025 માં આયોજિત કાંકરિયા કાર્નિવલની કેટલામી આવૃત્તિ હતી અને તેની મુખ્ય થીમ શું હતી?**

(A) 15મી આવૃત્તિ, 'સ્વચ્છતા ભી, વિકાસ ભી'
(B) 16મી આવૃત્તિ, 'વિરાસત ભી, વિકાસ ભી'
(C) 17મી આવૃત્તિ, 'સ્માર્ટ સિટી, ગ્રીન સિટી'
(D) 16મી આવૃત્તિ, 'લોકલ ટુ ગ્લોબલ ઇકોનોમી'

**28) 116મી અખિલ ભારતીય મેયર્સ પરિષદની કારોબારી બેઠક ગુજરાતના કયા શહેરમાં યોજાઈ હતી?**

(A) અમદાવાદ (B) રાજકોટ (C) વડોદરા (D) સુરત

**29) 7 સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી, સ્વચ્છ વાયુ સર્વેક્ષણ અને જળ સંચય જન ભાગીદારી એવોર્ડ્સ જેવા રાષ્ટ્રીય એવોર્ડ્સ તાજેતરમાં કયા મહાનગરને એનાયત થયા છે?**

(A) અમદાવાદ (B) રાજકોટ (C) ગાંધીનગર (D) સુરત

**30) ગુજરાતનું સૌપ્રથમ એલિવેટેડ માર્કેટ યાર્ડ (જ્યાં પ્રથમ માળે ભારે વાહનો અવરજવર કરી શકે) કયા સ્થળે નિર્માણ પામ્યું છે?**

(A) APMC સુરત (B) APMC ઊંઝા (C) APMC રાજકોટ (D) APMC અમદાવાદ

**31) શહેરી વિકાસ વર્ષ 2025 ની ઉજવણી અંતર્ગત ગુજરાતની 8 જૂની મહાનગરપાલિકાઓ અને 9 નવી રચાયેલી મહાનગરપાલિકાઓને વિકાસ કામો માટે અનુક્રમે કેટલા રૂપિયાના ચેક અર્પણ કરવામાં આવ્યા?**

(A) 8 મનપાને 1500 કરોડ અને 9 નવી મનપાને પ્રત્યેકને 20 કરોડ
(B) 8 મનપાને 2132 કરોડ અને 9 નવી મનપાને પ્રત્યેકને 40 કરોડ
(C) 8 મનપાને 3000 કરોડ અને 9 નવી મનપાને પ્રત્યેકને 50 કરોડ
(D) 8 મનપાને 1000 કરોડ અને 9 નવી મનપાને પ્રત્યેકને 100 કરોડ

**32) સર્ક્યુલર ઇકોનોમીને વેગ આપવા માટે ગુજરાત સરકારે કયા ચાર 'R' ના સિદ્ધાંત પર ભાર મૂક્યો છે?**

(A) Read, Reduce, Recycle, Return
(B) Reduce, Reuse, Recycle, Recover
(C) Repair, Refuse, Recycle, Rethink
(D) Remake, Reduce, Resolve, Rebuild

**33) ગાંધીનગરમાં યોજાયેલ રાજ્યસ્તરીય ક્રાઇમ કૉન્ફરન્સમાં ગુજરાત પોલીસે પોતાના કર્તવ્ય અને ફરજના સંદર્ભમાં POLICE શબ્દના કયા અર્થનું વર્ણન કર્યું છે, જેમાં P નો અર્થ શું થાય છે?**

(A) Powerful (શક્તિશાળી)
(B) Polite (વિનમ્ર)
(C) Punctual (નિયમિત)
(D) Patriotic (દેશભક્ત)

**34) ગુજરાત પોલીસ દ્વારા વ્યાખ્યાયિત POLICE શબ્દમાં E નો અર્થ શું દર્શાવવામાં આવ્યો છે?**
(A) Efficient (B) Energetic (C) Enthusiastic (D) Empathetic

**35) ટાઇપ-1 ડાયાબિટીસ (જુવેનાઇલ ડાયાબિટીસ) ધરાવતાં બાળકો માટે ગુજરાત સરકાર દ્વારા કઈ વિશેષ સુવિધા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે?**
(A) ઇન્સ્યુલિન પંપ અને મફત લેપટોપ
(B) ઇન્જેક્શન, ગ્લુકોમિટર અને જરૂરી સારવાર કિટ
(C) વિદેશમાં મફત સર્જરીની સુવિધા
(D) ખાનગી હોસ્પિટલમાં આજીવન મફત દાખલા સુવિધા

**36) રાજ્ય સ્વાગત કાર્યક્રમ દરમિયાન સીપુ યોજના અન્વયે સાબરમતી સરસ્વતી લિન્ક કેનાલ યોજનામાં કયા જિલ્લાના ખેડૂતની સંપાદિત થયેલી જમીનનું વળતર તાત્કાલિક ચૂકવવા કલેક્ટરને સૂચના અપાઈ?**
(A) પાટણ (B) બનાસકાંઠા (C) મહેસાણા (D) સાબરકાંઠા

**37) ક્રેડાઈ (CREDAI) ની નેશનલ કોન્કલેવ તાજેતરમાં કયા શહેરમાં યોજાઈ હતી જ્યાં મુખ્યમંત્રીશ્રીએ સસ્ટેનેબલ બિલ્ડિંગ્સ પર ભાર મૂક્યો?**
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) મુંબઈ (D) નવી દિલ્હી

**38) અમદાવાદની પ્રથમ "મેક ઇન ઇન્ડિયા" મેટ્રો ટ્રેનના 10 કોચીસના નિર્માણનો ઓર્ડર કલકત્તા નજીકની કઈ કંપનીને આપવામાં આવ્યો છે?**
(A) ભારત અર્થ મુવર્સ લિમિટેડ (BEML)
(B) આલ્સ્ટોમ ઇન્ડિયા
(C) ટિટાગઢ રેલ સિસ્ટિમ્સ લિમિટેડ
(D) મેધા સર્વો ડ્રાઇવ્સ લિમિટેડ

**39) ISAME-2025 ફોરમ એ કઈ આંતરરાષ્ટ્રીય સેવાકીય સંસ્થાનો કાર્યક્રમ છે જે તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયો?**
(A) રોટરી ઇન્ટરનેશનલ
(B) રેડ ક્રોસ સોસાયટી
(C) લાયન્સ ઇન્ટરનેશનલ
(D) યુનિસેફ

**40) ગુજરાત મીડિયા ક્લબ અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ભારતકૂલ અધ્યાય-2' કાર્યક્રમમાં કયા વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો?**
(A) વિજ્ઞાન, ગણિત અને તર્ક
(B) ભાવ, રાગ અને તાલ
(C) ઉદ્યોગ, વ્યાપાર અને અર્થતંત્ર
(D) રમતગમત અને આરોગ્ય

**41) તાજેતરમાં ગુજરાત સરકારે જાહેર કરેલા બે કૃષિ રાહત પૅકેજ હેઠળ કુલ 17.92 લાખ ખેડૂતોને અંદાજિત કેટલી સહાય ડીબીટી મારફતે ચૂકવવામાં આવી છે?**
(A) રૂ. 2500 કરોડ (B) રૂ. 3468 કરોડ (C) રૂ. 5330 કરોડ (D) રૂ. 6890 કરોડ

**42) ગુજરાત સરકારે મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે કુલ કેટલા કરોડ રૂપિયાની કિંમતની જણસો ખરીદી છે?**
(A) રૂ. 3,468 કરોડ
(B) રૂ. 5,330 કરોડ
(C) રૂ. 7,537 કરોડ
(D) રૂ. 10,000 કરોડ

**43) મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં સીએમ ડેશબોર્ડ દ્વારા સમગ્રલક્ષી કામગીરી મૂલ્યાંકન માટે તૈયાર કરાયેલ GPI નું પૂરું નામ શું છે?**
(A) Government Policy Index
(B) Governance Performance Index
(C) Gujarat Progress Index
(D) General Public Index

**44) NAREDCO (નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ) દ્વારા પ્રોપર્ટી ફેસ્ટનું આયોજન અમદાવાદમાં કયા સ્થળે કરવામાં આવ્યું હતું?**
(A) સિંધુભવન રોડ (B) ગિફ્ટ સિટી (C) ઓગણજ (D) સાયન્સ સિટી

**45) સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જયંતી અને 'વંદે માતરમ્'ની 150 વર્ષની ઉજવણી સાથે ગુજરાતના કયા લોકપ્રિય સામયિકની 75 વર્ષની ઉજવણીનો સમન્વય રચાયો હતો?**
(A) નવનીત સમર્પણ (B) સફારી (C) અખંડ આનંદ (D) ચિત્રલેખા

**46) મુખ્યમંત્રીશ્રીએ દાઉદી વ્હોરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબની સૌજન્ય મુલાકાત અમદાવાદની કઈ મઝાર ખાતે લીધી હતી?**

(A) મઝાર-એ-કુત્બી
(B) શાહ-એ-આલમ દરગાહ
(C) સરખેજ રોઝા
(D) પીર મશાયખ દરગાહ

**47) વિકસિત ભારત@2047 ના સંકલ્પને સિદ્ધ કરવા 2047 સુધીમાં ગુજરાતના અર્થતંત્રને કેટલા ટ્રિલિયન યુ.એસ. ડૉલર સુધી પહોંચાડવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે?**

(A) 1.5 ટ્રિલિયન ડૉલર
(B) 2.5 ટ્રિલિયન ડૉલર
(C) 3.5 ટ્રિલિયન ડૉલર
(D) 5.0 ટ્રિલિયન ડૉલર

**48) અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત કેમ્પમાં 195 લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર અપાયા, જેમાંથી કેટલા લોકો CAA અંતર્ગત નોંધાયેલા હતા?**

(A) 73
(B) 100
(C) 122
(D) 195

**49) અમદાવાદ ગ્રામ્ય પોલીસ હેડક્વાર્ટરમાં તાજેતરમાં કયા નવનિર્મિત ભવનનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું?**

(A) ગરવી ભવન
(B) ખાખી ભવન
(C) સુરક્ષા ભવન
(D) ન્યાય ભવન

**50) નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી (HUDA) ની મહત્વપૂર્ણ બેઠક ક્યાં યોજાઈ હતી?**

(A) હિંમતનગર
